આજનો સુવિચાર

સાંજે કરમાઈ જવાના એ ખબર જ છે ફુલને તો પણ રોજ સવારે હસતા હસતા ખીલે છે બસ એનું નામ જ જીંદગી

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૧૨ જૂનાગઢ તા.૨૦-૮-૨૦૨૧ શુક્રવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

વિડિયો કોન્ફરન્સથી કર્યુ સંબોધન : આતંકવાદી વિચારધારાનું અસ્તિત્વ સ્થાયી નથી હોતું, આસ્થાને આતંકથી કચડી શકાતું નથી તેનું પ્રતિક છે સોમનાથ મંદિર

# સોમનાથમાં ત્રણ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરતા વડાપ્રધાન મોદી

## સમુદ્ર દર્શન પથ, સોમનાથ પ્રદર્શન ગેલેરી, જુના સોમનાથ મંદિરનાં વિસ્તારનો જીર્ણોધ્ધાર : પાર્વતી માતાજીનાં મંદિરની શીલારોપણ વિધિ સંપન્ન

નવી દિલ્હી/સોમનાથ તા. ૨૦

સોમનાથ પ્રદર્શન ગેલરી, જૂનું સોમનાથ મંદિર અને વોક વેનું લોકાર્પણ અને પાર્વતી મંદિરનું શિલાન્યાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું છે.


આ તકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, સમુદ્ર દર્શન વોકવે, અહલ્યા બાઈ જૂનું સોમનાથ મંદિર, સોમનાથ પ્રદર્શન ગેલરીના કારણે જૂના સોમનાથના આકર્ષક સ્વરૂપના દર્શન કરી શકાશે, નવા અવસર અને નવા રોજગાર વધશે તથા સ્થાનની દિવ્યતા વધશે. ચારેય દિશામાં આવેલા ૧૨ જ્યોતિર્લિંગ, ચારધામ, શક્તિપીઠો આ તમામ આસ્થાની જે રૂપરેખા છે તે એક ભારત શ્રેષ્ઠ ભારતની અભિવ્યક્તિ છે. આતંકવાદી વિચારધારા ભલે કેટલાક સમય માટે હાવી થઈ જાય પરંતુ તેનું અસ્તિત્વ સ્થાયી નથી હોતું. ગુજરાતમાં પ્રસાદ સ્કીમ હેઠળ ૧૦૦ કરોડના ત્રણ પ્રોજેક્ટ હાલ ચાલી રહ્યાં છે. સોમનાથ ટૂરિસ્ટ સ્પોટને અન્ય શહેરો સાથે કનેક્ટિવિટી ઉપર પણ ધ્યાન અપાઈ રહ્યું છે.

સોમનાથ મંદિર ખાતે સંસ્કૃત યુનિવર્સિટીના વિદ્વાનો દ્વારા શ્લોકાચાર સાથે લોકાર્પણ અને શિલાન્યાસ કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જય સોમનાથ સાથે લોકાર્પણ કાર્યક્રમની શરૂઆત કરી હતી અને પૂર્વ નાયબ વડાપ્રધાન અડવાણીને યાદ કર્યા હતા. મોદીએ જણાવ્યું હતું કે, હું ભલે વીડિયો કોન્ફરન્સથી જોડાયો હોવ પરંતુ મનથી સ્વયં ભગવાન સોમનાથના ચરણોમાં હોવાનો અનુભવ કરૂ છું. મારૂ સૌભાગ્ય છેકે આ પૂણ્ય સ્થાનની સેવા કરવાનો અવસર મળ્યો છે. લોહપુરૂષ સરદાર પટેલના ચરણોમા નમન કરતા હું કહું છું કે ભારતના પ્રાચિન ગૌરવને પુનર્જિવિત કરવાની ઈચ્છાશક્તિ દર્શાવી હતી. સરદારે સોમનાથ મંદિરને સ્વતંત્ર ભારતની સ્વતંત્ર ભાવના સાથે જોડી હતી.

પર્યટનથી આધુનિકતાના સંગમથી શું ફાયદો થાય છે એને ગુજરાતએ નજીકથી નિહાળી અનુભવ્યું છે. હવે સોમનાથમાં મહાદેવના દર્શન સાથે આજના ત્રણ વિકાસકામો થકી સમુદ્ર દર્શન પથ (વોક વે) અને સોમનાથના ભવ્ય ભૂતકાળની અનુભૂતિ કરી શકશે. સોમનાથ મ્યુઝિયમ થકી આવનારી પેઢીને ઈતિહાસથી અવગત કરાવાશે.

શિવ જ વિનાશમાં વિકાસની સંભાવનાઓ આપે છે અને સમય મુજબ આવતી પરિસ્થિતિને લડવાની હિંમત પણ શિવ જ આપે છે. સોમનાથ મંદિર હજારો વર્ષોથી પ્રેરણા આપી રહ્યું છે. આસ્થાને આતંકથી કચડી શકાતું નથી તેનું પ્રતીક સોમનાથ મંદિર છે. સોમનાથ મંદિરને નેસ્તનાબૂદ કરવા અનેકવાર હુમલાઓ થયા છે તેમ છતાં દર વખતે સોમનાથ મંદિર ફરી ઉભું થયું છે.

## સરદાર પટેલે સોમનાથ મંદિરને સ્વતંત્ર ભારતની સ્વતંત્ર ભાવના સાથે જોડવાનું કાર્ય કર્યુ હતું : વડાપ્રધાન મોદી





સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી અને ગૃહમંત્રી અમિતશાહે જણાવ્યું હતું કે, ૨૦૧૦થી વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યપ્રધાન મોદીએ સોમનાથના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. સોમનાથ મંદિર સ્વચ્છતાના મામલે ટોચ ઉપર છે. સોમનાથની આરતીને ડિજીટલી સૌથી વધુ દર્શનાર્થીઓ જોવે છે. ભીખુભાઈ નામના દાતાના સહયોગથી ૩૦ કરોડના ખર્ચે પાર્વતી મંદિરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ૧૭૮૩માં બનેલા મંદિરનું આજે જીર્ણોદ્ધાર કરાયો છે. સોમનાથનો મહિમા વિશ્વભરમાં પ્રસરે તે રીતે ટ્રસ્ટ આગળ વધશે. અનેક આક્રમણ વચ્ચે પણ સોમનાથ દરેક વખત ભવ્યતાથી ઉભરી આવ્યું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત માટે વડાપ્રધાને જે ઉચ્ચ લક્ષ્ય રાખ્યા છે, તેને પૂર્ણ કરવા આપણે બધા કટિબદ્ધ છીએ. ૨૦૧૦થી નરેન્દ્ર મોદીની નિયુક્તિ બાદ તેમણે સોમનાથના વિકાસને નવી દિશા અને દ્રષ્ટિ આપી છે. ડિજીટલ દર્શનમાં પણ સોમનાથ આગળ છે. સોમનાથના વિકાસમાં ગુજરાત સદાય સહયોગ કરશે.

કેન્દ્ર અને રાજય સરકારના સહયોગથી સોમનાથ મંદિર ખાતે ૫૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલાં ત્રણ વિકાસકામનું આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે સમુદ્ર દર્શન વોક્-વે, સોમનાથ એક્ઝિબિશન કેન્દ્ર અને જૂના સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધારનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથે જ પાર્વતી માતાના મંદિરની શિલાન્યાસ વિધિ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પત્ની અંજલીબેન સાથે સોમનાથ મહાદેવની પૂજા અર્ચના કરી શીશ ઝુકાવ્યું છે. મુખ્યમંત્રી રૂપાણી સોમનાથ સાનિધ્યે વિકાસ કામોનું લોકાર્પણ શિલાન્યાસ કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા છે. રાજ્યના પ્રવાસનમંત્રી જવાહર ચાવડાએ મુખ્યમંત્રી સાથે સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. મુખ્યમંત્રી અને પ્રવાસનમંત્રીએ ધ્વજપૂજા કરી હતી.

## કેરળમાં કોરોનાનું સંક્રમણ વધુ : દેશમાં ૩૬૫૬૯ નવા પોઝીટીવ કેસ નોંધાયા

નવી દિલ્હી તા. ૨૦

દેશમાં કોરોનાની બીજી લહેર બેકાબૂ બની હતી . દરરોજ લાખથી વધુ નવા સંક્રમણનાં કેસ સામે આવી રહ્યા હતા છેલ્લા કેટલાય દિવસથી કોરોનાનાં કેસોમાં થોડો ઘટાડો થયો છે ત્યારે છેલ્લા કેટલાય દિવસોથી કેરળમાં કોરોનાનો કહેર વધ્યો છે દેશમાં કોરોનાનાં નવા ૩૬.૫૬૯ કેસ નોંધાયા છે. જ્યારે ૩૬.૪૨૬ દર્દીઓ રિકવર થયા છે દેશમાંઆજે છેલ્લા ૨૪ કલાકમાં ૩૬.૫૬૯ નવા કેસ નોંધાયા છે સાથે છેલ્લા ૨૪ કલાકમાં ૫૪૩ લોકોના મોત નિપજ્યા છે દેશમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક ૪.૩૩.૫૨૨ થયો છે છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩૬.૫૬૯ નવા કેસ નોંધાતા કુલ કેસની સંખ્યા ૩.૨૩.૫૮.૧૭૯ થઈ છે એક્ટિવ સંખ્યા ૩.૫૭.૭૩૩ થઈ છે છેલ્લા ૨૪ કલાકમાં ૩૬.૪૨૬ દર્દીઓ રિકવર થયા છે, આ સાથે કુલ ૩.૧૫.૫૪.૧૦૩ લોકોએ કોરોનાને મહાત આપી છે દેશમાં સૌથી વધુ કેરળમાં ૨૧.૧૧૬ કેસ, મહારાષ્ટ્રમાં ૫૨૨૫ કેસ, તામિલનાડુમાં ૧૭૦૨ કેસ, આંધ્રપ્રદેશમાં ૧૫૦૧ કેસ, કર્ણાટકમાં ૧૪૩૨ કેસ, ઓરિસ્સામાં ૧૦૪૧ કેસ, પશ્ચિમ બંગાળમાં ૭૩૧ કેસ, આસામમાં ૭૧૩ કેસ, મણીપુરમાં ૫૨૬ કેસ, મિઝોરમમાં ૪૮૭ કેસ નોંધાયા છે

## ૨૦૨૫ સુધીમાં પ્રીપેડ સ્માર્ટ મીટર લગાવવામાં નહી આવે તો વિજળી ગુલ થશે : કેન્દ્ર સરકાર

નવી દિલ્હી તા. ૨૦

વિજળી મંત્રાલયે ગુરૂવારે સ્માર્ટ મીટર લગાવાને લઈને ટાઈમલાઈન ફિક્સ કરી દીધી છે. મંત્રાલયે સરકારી કાર્યાલયો, વાણિજ્યિક ભવનો અને ઔદ્યોગિક એકમો સહિત અન્યમાં લાગેલા મીટરોને પ્રી પેમેન્ટ સુવિધાવાલા સ્માર્ટ મીટરોમાં બદલવાની ટાઈમલાઈન આપી દીધી છે.

આ નોટિફિકેશનમાં એવુ પણ કહેવાયુ છે કે, સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કમિશન આ ડેડલાઈનને બે વાર, વધારે છ મહિના માટે લંબાવી શકે છે. જો કે તેના માટે યોગ્ય કારણ પણ બતાવાનું રહેશે. સમગ્ર દેશમાં માર્ચ ૨૦૨૫ સુધી પ્રીપેડ સ્માર્ટ મીટર લાગી જશે.

## પેગાસસ જાસુસી મામલે વ્યુહરચના ઘડવા સોનિયા ગાંધીએ બેઠક બોલાવી

### ઓનલાઈન મીટીંગમાં શરદ પવાર ઉપરાંત કેટલાક રાજયોનાં મુખ્યમંત્રીઓ ભાગ લે તેવી શકયતા

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી,તા.૨૦

કેન્દ્રની મોદી સરકાર વિરૂધ્ધ એક સર્વસામાન્ય વ્યૂહરચના ઘડી કાઢવા કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંદીએ આજે એક વર્ચ્યુલ (ઓનલાઈન) મિટિંગ બોલાવી છે જેમાં એનસીપીના સર્વેસર્વા શરદ પવાર ઉપરાંત કેટલાંક રાજયોના મુખ્યમંત્રીઓ ભાગ લે એવીસૂત્રોએ શક્યતા વ્યકત કરી હતી.

સોનિયા ગાંધીના કાર્યાલયે એનસીપીના નેતા શરદ પવાર, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે અને તામિલનાડુના મુખ્યમંત્રી એમ.કે સ્ટાલિનને આ મિટિંગમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ પણ મોકલી દીધું છે. આ તમામ નેતાઓ સોનિયા ગાંધીના આમંત્રણનો સ્વિકાર પણ કર્યો છે એમ સૂત્રોએ કહ્યું હતું.

આજે ૨૦ ઓગસ્ટ છે અને ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનો જન્મદિન પણ છે તેથી સોનિયા ગાંધીએ આ મિટિંગ આજે બોલાવી હોવાનું માનવામાંઆવે છે. આગામી ચૂંટણીઓમાં ભાજપને પછાડવાઅને દેશની કેટલીક સળગતી સમસ્યાઓ માટે તમામ વિરોધપક્ષો એક સર્વસામાન્ય એવી વ્યૂહરચના ઘડી કાઢવાના પ્રયાસો કરી રહ્યા છે જેના એક ભાગરૂપે આ મિટિંગ બોલાવવામાં આવી છે.

## આજે પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ૭૭ મી જન્મજયંતિ: પુષ્પાંજલિ

નવી દિલ્હી તા. ૨૦

આજે પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ૭૭ મી જન્મજયંતિ છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને તેમના પુત્ર રાહુલ ગાંધીએ આ પ્રસંગે શ્રદ્ધાંજલિ આપી હતી. દિલ્હીમાં વીર ભૂમિ ઉપર પહોંચતા, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પૂર્વ પીએમ અને તેમના દિવંગત પિતા રાજીવ ગાંધીને તેમની જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરીને યાદ કર્યા હતા.

આ પ્રસંગે લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી, કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ ગુલામ નબી આઝાદ, શકિતસિંહ ગોહિલ અને અન્ય ઘણા કોંગ્રેસી નેતાઓ પણ હાજર હતા. કોંગ્રેસે ભારતરત્ન રાજીવ ગાંધીની જન્મજયંતિ સદભાવના દિવસ તરીકે ઉજવી હતી. દેશભરમાં ભારતીય યુથ કોંગ્રેસના કાર્યકરો આ દિવસે સેવા અને સંપનું કામ કરે છે.

'ભારત રત્ન' રાજીવ ગાંધીની જન્મજયંતિ કોંગ્રેસે સદભાવના દિવસ તરીકે ઉજવવામાં આવે છે. દેશભરમાં ભારતીય યુથ કોંગ્રેસના કાર્યકરોએ સદભાવના દિને શ્રદ્ધાંજલિ આપીને પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને યાદ કર્યા હતા. આ દરમ્યાન વિધાનસભા પ્રદર્શન ક્ષેત્ર અને બ્લોક સ્તરે ફોટો પ્રદર્શન, સાંસ્કૃતિક અને રમતગમત કાર્યક્રમો, રન ફોર નેશન રક્તદાન શિબિરનાં કાર્યક્રમો યોજવામાં આવેલ છે

## સતત ત્રીજા દિવસે ડીઝલનાં ઘટાડો

નવી દિલ્હી તા. ૨૦

સરકારી તેલ કંપનીઓએ શુક્રવાર માટે પેટ્રોલ-ડીઝલનાં નવા દરો જાહેર કરી દીધા છે. શુક્રવારે સતત ત્રીજા દિવસે ડીઝલનાં ભાવમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. જયારે પેટ્રોલની કિંમત આજે પણ યથાવત છે. સરકારની માલિકીની તેલ કંપનીઓ દ્વારા ૧૬ જુલાઈથી પેટ્રોલની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જોકે, ડીઝલનાં ભાવમાં ઘટાડાથી વાહનચાલકોને રાહત મળી છે.

TULSI SALES
1st Floor, Maharaja Palace,
Shop No. A4, A5 & A7 Near Fadadu Vadi,
Junagadh Bypass Road, Junagadh.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૫માં વર્ષમાં મંગલપ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
જીગ્નેશભાઈ જોબનપુત્રા
જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. ૬૬૦૦* થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C. વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર. DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.બી. શોટાઈ કોમ્પ્લેક્ષ. અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક. જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

મેટરનીટી હોમ સોનોગ્રાફી
લેપ્રોસ્કોપીક ફર્ટીલીટી સેન્ટર
નિલેશ જે. મારકણા
એમ.એસ. (ગાયનેક)
વુમન કેર / હોસ્પીટલ
બાલાજી એવન્યુ, મોતીબાગ રોડ, સરદાર બાગ,
જૂનાગઢ - ૩૬૨૦૦૧. ૦૨૮૫ - ૨૬૭૫૦૭૭

CHRIST CAMPUS, RAJKOT
ધોરણ ૧૦/૧૨/ગ્રેજયુએશન પછી શું?
આવો એડમિશન/કેરીયર ગાઈડન્સ માટે...
શું આપ ધોરણ ૧૦/૧૨ (સામાન્ય/વિજ્ઞાન)/ગ્રેજયુએશન પછીના કોર્ષ વિશે જાણવા માંગો છો?
અમે આપના શહેરમાં...
તા.૨૧.૦૮.૨૦૨૧, શનિવાર સમય: ૧૦ થી ૫
જુનાગઢ સેંટ આન્સ ચર્ચ, સ્ટેશન રોડ
જેતપુર સેંટ ફ્રાન્સીસ સ્કૂલ, નવાગઢ
સંપર્ક નંબર : 09374100493 / 09727140402 / 09904345054
CHRIST COLLEGE, RAJKOT — Undergraduate & Postgraduate Studies: + BA English + BA Psychology + BCom + BBA + BCA + BSc Physics + BSc Chemistry + MSc Microbiology + BSc Microbiology + BSc Mathematics + BSc Computer Science + BSc Biotechnology + BSc Bioinformatics + BSc Botany
7862026959, 9427164732 / 33 www.christcollegerajkot.edu.in
CHRIST INSTITUTE OF MANAGEMENT — Undergraduate & Postgraduate Management Studies: + MBA + IMBA + B.Voc. + D.Voc.
9904345054 / 9265466412 www.cimrajkot.edu.in
CHRIST POLYTECHNIC INSTITUTE — Diploma Engineering Studies: + Diploma in Mechanical Engg. + Diploma in Automobile Engg. + Diploma in Computer Engg. + Diploma in Electrical Engg. + Diploma in Instrumentation & Control Engg. + Diploma in Electronics & Comm. Engg.
9586116970 / 9825096960 www.christpolytechnicrajkot.edu.in

# ભારતને સૌથી મોટો ફટકો : જ્યાં અબજો રૂપિયાનું કર્યુ છે રોકાણ તેવો ચાબહાર પ્રોજેક્ટ હાથમાંથી જવાના એંધાણ, તાલિબાની શાસનના ભૂંડા પરિણામ

નવી દિલ્હી તા.૨૦

અફઘાનિસ્તાનમાં અશરફ ગનીની સરકારનું પતન અને ૨૦ વર્ષ પછી તાલિબાનનું સત્તા પર પરત ફરવું ઘણી રીતે જોખમી છે. જ્યારે વિશ્વ પોતાની રીતે જોખમોનો અંદાજ લગાવી રહ્યું છે, ત્યારે ભારત માટે આ એક ફટકો છે, જેમાં અબજો રૂપિયા ધોવાઈ ગયા છે. તાલિબાનોએ અફઘાનિસ્તાનની સત્તા સંભાળ્યા બાદ ઈરાનમાં ભારતનો તે ચાબહાર પ્રોજેક્ટ જોખમમાં આવી ગયો છે, જેમાં ભારતે કેટલાય અબજ ડોલરનું રોકાણ કર્યું છે. હવે કોઈ જાણતું નથી કે આ પ્રોજેક્ટનું શું થશે.

**ભારતને સૌથી વધુ નુકસાન થયું**

અફઘાનિસ્તાને ઘણા દેશો સાથે દ્વિપક્ષીય કરાર કર્યા હતા અને તાલિબાન પાછા ફરતાની સાથે જ તે તમામ કરારો અંધકારમાં ધકેલાઈ ગયા છે. આ ઘટનાથી ભારતને સૌથી વધુ નુકસાન થયું છે. અફઘાનિસ્તાનમાં રોકાણ ધોવાઈ ગયું છે, તેમજ ઈરાનનો ભૂતપૂર્વ ચાબહાર પ્રોજેક્ટ હાથમાં જતો હોય તેવું લાગે છે. આ પ્રોજેક્ટ હેઠળ ભારતે પાકિસ્તાનને સાઈડલાઈન કરીને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયામાં જમીન માર્ગ દ્વારા પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાનું સપનું જોયું હતું. હવે ચાબહારને ભારતના દષ્ટિકોણથી મૃત રોકાણ તરીકે જોવામાં આવે છે. આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા એક અધિકારીના જણાવ્યા અનુસાર, ચોક્કસપણે નવીનતમ ઘટનાઓએ ચાબહાર પ્રોજેક્ટ પર મોટો પ્રશ્ન ચિહ્ન મૂક્યો છે.

**હાલ વેઈટ એન્ડ વોચની સ્થિતી**

જો અધિકારીઓ પર વિશ્વાસ કરવામાં આવે તો, હવે વસ્તુઓ બદલાઈ ગઈ છે અને પહેલા કરતા વધુ મુશ્કેલ બની ગઈ છે. ભારત અને ઈરાન વચ્ચે સારા સંબંધો બાદ પણ હવે આ પ્રોજેક્ટમાં મુશ્કેલીઓ આવી રહી છે. કોવિડ -૧૯ ને કારણે, ચાબહાર મારફતે આવતા કાર્ગોમાં પહેલેથી જ ઘટાડો હતો, પરંતુ અફઘાનિસ્તાનની સ્થિતિ અડચણ રૂપ સાબિત થઈ શકે છે. ઉચ્ચ અધિકારીનું કહેવું છે કે અત્યારે થોડી રાહ જોવાશે અને સ્પષ્ટ ચિત્ર ન આવે ત્યાં સુધી ધીરજ રાખવાની જરૂર છે. ઈરાન સરકારના સૂત્રો તરફથી કહેવામાં આવી રહ્યું છે કે, 'ભારતે આ પ્રોજેક્ટને પૂર્ણ કરવામાં ઘણો સમય લીધો. હવે બદલાયેલા સંજોગો અને વૈકલ્પિક માર્ગોપર અન્ય દેશોના કબજાને કારણે, ચાબહાર હવે સંપૂર્ણપણે અતાર્કિક દેખાવા લાગ્યુંછે. અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધો લાદ્યા છે અને ભારત



અમેરિકાને ગુસ્સે કરે એવું કંઈ કરવા માંગતું નથી.

**પ્રતિબંધ હોવા છતાં મંજૂરી મળી હતી**

ભારતના ચાબહાર પ્રોજેક્ટને અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાના કાર્યકાળમાં નવો દરજ્જો મળ્યો હતો. ઓબામાએ ઈરાન પરના પ્રતિબંધો સમાપ્ત કર્યા હતા. પરંતુ જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ તેમના પછી રાષ્ટ્રપતિ બન્યા ત્યારે તેમણે ફરીથી દેશ પર પ્રતિબંધો લાદ્યા. ટ્રમ્પે ઈરાન સાથે પરમાણુ કરાર સમાપ્ત કર્યો હતો, પરંતુ ભારતને આ પ્રોજેક્ટ ચાલુ રાખવાની સ્વતંત્રતા આપી હતી, કારણ કે તેનાથી અફઘાનિસ્તાનને ફાયદો થશે. ભારતે ચાબહાર પોર્ટ પર ચાર નવી રેલ માઉન્ટેડ કી ક્રેન્સ (ઈસ્ઊઝ) મોકલવાની યોજના બનાવી હતી. છેલ્લા કેટલાક મહિનાઓથી, યોજના અટકી ગઈ છે કારણ કે ક્રેન ઉત્પાદકો પ્રતિબંધને કારણે આશ્રય આપી રહ્યા છે. આ કારણે, ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડને ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ૧૫ વખત આ આયોજન સાથે આગળ વધવું પડ્યું હતું. અમેરિકાએ ચાબહારને પ્રતિબંધોની યાદીમાંથી બહાર રાખ્યું હશે, પરંતુ ક્રેન ઉત્પાદકો આ બાબતે બિલકુલ ચોક્કસ નહોતા. આ સિવાય, ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ સપ્ટેમ્બર ૨૦૨૦ થી પૂર્ણ સમયના મેનેજિંગ ડિરેક્ટર વગર કામ કરી રહી છે.

**કેમ ચાબહાર ભારત માટે ફાયદાકારક છે**

જમીન દ્વારા અફઘાનિસ્તાન પહોંચવું અશક્ય છે. અહીં જવા માટે, કાં તો પાકિસ્તાનનો આશરો લેવો પડે અથવા ઈરાન થઈને પહોંચી શકાય. કરાચી અથવા ઈરાનના બંદર અબ્બાસ દ્વારા નિકાસની સરખામણીમાં ચાબહારથી અફઘાનિસ્તાન પહોંચવું સસ્તું છે કારણ કે તે દેશની ખૂબ નજીક છે. જો અધિકારીઓની વાત માનીએ તો અમેરિકા પણ ઈચ્છતું હતું કે અફઘાનિસ્તાન ભારત-ઈરાન પર વધુ નિર્ભર રહે અને પાકિસ્તાન પર નહીં. અફઘાનિસ્તાન અને ભારતના સંબંધો પણ ખૂબ મૈત્રીપૂર્ણ હતા. પ્રતિબંધો હોવા છતાં, ભારતને ચાબહાર સોદા પર અમેરિકા પાસેથી મંજૂરી મળી કારણ કે તે અફઘાનિસ્તાનના પુનઃનિર્માણમાં ખૂબ મદદરૂપ હતું. આ બંદર ઈરાન કરતાં અફઘાનિસ્તાન માટે વધુ ફાયદાકારક હતું.

**મધ્ય એશિયા ઉપર ભારતનું વર્ચસ્વ**

ચાબહાર પોર્ટના નિર્માણમાં ભારતની ભાગીદારી તેને અફઘાનિસ્તાન માટે વૈકલ્પિક અને વિશ્વસનીય માર્ગ આપશે. ઈરાનના દક્ષિણ-પૂર્વ કિનારે સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતમાં આવેલું ચાબહાર બંદર ભારતને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયામાં સમુદ્ર આધારિત માર્ગ પૂરો પાડે છે. આ માર્ગ ઈરાનની પૂર્વ સરહદોમાંથી પસાર થાય છે. આ પ્રોજેક્ટને ભારત માટે વ્યૂહાત્મક સફળતા તરીકે ઓળખવામાં આવી રહ્યો છે. મે ૨૦૧૬ માં, ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ અને એરિયા બનાદર ઈરાની પોર્ટ અને મરીન સર્વિસીસ કંપની વચ્ચે સોદો થયો હતો. આ સોદા હેઠળ, ચાબહાર પોર્ટ ફેઝ -૧ ને ૮૫.૨૧ મિલિયન ડોલરના મૂડી રોકાણ અને ૨૨.૯૫ મિલિયનની આવક સાથે ૧૦ વર્ષની લીઝ પર આપવામાં આવ્યું હતું. ભારત અને ઈરાન કાર્ગોથી થતી આવક વહેંચશે.

# તાલિબાનના રાજને કારણે સુરત ટેક્સટાઈલ ઉદ્યોગના વેપારીઓને પડ્યો મોટો ફટકો

સુરત તા.૨૦

અફઘાનિસ્તાનમાં તાલિબાનો દ્વારા કરવામાં આવેલા કબજા બાદ તેની સીધી અસર સુરતના ટેકસટાઈલ ઉદ્યોગ ઉપર પણ જોવા મળી છે. સુરતથી વાર્ષિક એક હજારથી બારસો કરોડની કિંમતનું કાપડ વાયા ઈરાન સહિત અન્ય દેશો થઈ અફઘાનિસ્તાન મોકલવામાં આવી રહ્યું હતું. પરંતુ હાલ અફઘાનિસ્તાનમાં ઉદભવેલી સ્થિતિના પગલે અગાઉ મોકલવામાં આવેલ કાપડના માલનું પેમેન્ટ પણ અટવાઈ પડતા સુરતના ૧૦૦થી પણ વધુ વેપારીઓ ચિંતામાં મુકાયા છે. એટલું જ નહીં હાલ ત્યાંની પરિસ્થિતિને ધ્યાને લેતા વેપાર ઉપર પણ હાલ રોક લગાવી દીધી છે. જેથી સુરતના ટેકસ્ટાઈલ્સ ઉદ્યોગના વેપારીઓને મોટો ફટકો પડયો છે. સુરતનો ટેક્સટાઈલ્સ ઉદ્યોગ દેશ-દુનિયામાં જાણીતો છે. જયાં મોટાભાગના રાજયોમાં જતું કાપડ પણ સુરતથી મોકલવામાં આવે છે. જીએસટી અને કોરોના પહેલા સુરતના રિંગ વિસ્તારમાં આવેલ કાપડ બજારમાં પ્રતિદિવસ અઢી હજાર કરોડ મીટર કાપડનો જથ્થો ઠાલવવામાં આવતો હતો. જે હાલ ઘટીને દોઢ હજાર કરોડ મીટર જેટલું થઈ ગયું છે. જીએસટી, ત્યારબાદ કોરોના અને હવે અફઘાનિસ્તાનમાં ઉદભવેલી સ્થિતિએ સુરતના કાપડ વેપારીઓની ચિંતા વધારી છે.

રિંગ રોડની જુદી જુદી માર્કેટથી સવા સો જેટલા કાપડ વેપારીઓ દ્વારા સુરતથી અફઘાનિસ્તાન વાર્ષિક બારસો કરોડથી પણ વધુની કિંમતનો કાપડનો માલ મોકલવામાં આવી રહ્યો હતો. જેના કારણે સુરતના વેપારીઓને સારો એવો વેપાર હમણાં સુધી મળતો આવ્યો હતો. પરંતુ અમેરિકાએ જે પ્રમાણે અફઘાનિસ્તાનનો કબ્જો છોડતાં જ ત્યાં તાલિબાની દ્વારા કબ્જો જમાવી લેવામાં આવ્યો છે. કેટલાક લોકોએ પોતાનો ધંધો વેપાર બંધ કરી દેશ છોડી ચાલ્યાં ગયાં છે. જેની સીધી અસર સુરતના કપડા બજાર પર હાલ જોવા મળી રહી છે. સુરતના કાપડ બજારમાંથી અફઘાનિસ્તાનખાતે બુરખા, ડ્રેસ મટીરીયલ, ચમકદાર કાપડ, સોલ અને દુપટ્ટાનો મોટા પ્રમાણમાં જથ્થો મોકલવામાં આવતો હતો. જે માલ વાયા ઈરાન અને ત્યારબાદ ઈરાનના બંદરગાહ ચાબાહાર જતો હતો. જે બાદ સડક માર્ગે કાબુલ, કંદહાર, ગજની જેવા શહેરોમાં પણ મોકલવામાં આવતો હતો. આ સિવાય બાંગ્લાદેશ, ઢાકા,અને દુબઈ મારફતે પણ સુરતનું કાપડ અફઘાનિસ્તાન મોકલવામાં આવી રહ્યું હતું. પરંતુ અફઘાનિસ્તાનમાં તાલિબાનોના રાજ પછી જે પરિસ્થિતિ ઉભી થઈ ત્યારબાદ સુરતના કાપડ વેપારીઓને અંદાજ આવી ગયો હતો કે સ્થિતિ વિકટ બનવાની છે. જેના કારણે તાત્કાલિક અફઘાનિસ્તાન તેમજ વાયા વેપારીઓ સાથેનો વેપાર અટકાવી દેવામાં આવ્યો હતો. પરંતુ અગાઉ જે માલ મોકલવામાં આવ્યો હતો, તેને લઈ વેપારીઓના કરોડો રૂપિયા હાલ અટવાઈ ગયા છે. જે કાઢવા હવે મુશ્કેલ બન્યું છે. અફઘાનિસ્તાનની પરિસ્થિતિના પગલે સુરતના કાપડ ઉદ્યોગના વેપારીઓને મળતો વાર્ષિક બારસો કરોડનો વેપાર હાલ ગુમાવવાનો વારો આવ્યો છે. જેના કારણે વેપારીઓની ચિંતામાં વધારો થયો છે. સુરતના ટેકસટાઈલ ઉદ્યોગની કમર પહેલાથી જીએસટી અને કોરોનાના કારણે પડી ભાંગી છે તેવામાં અફઘાનિસ્તાનમાં ઉદ્ભવેલી સ્થિતિના પગલે સુરતના કાપડ ઉદ્યોગને વધુ એક ફટકો પડયો છે. અગાઉ સુરતના કાપડ ઉદ્યોગ માટે લગ્ન, ઓનમ, અખાત્રીજ સિવાય અન્ય તમામ તહેવારોની સિઝન ફેઈલ ગઈછે. અન્ય રાજ્યોમાં પણ ઈંષ્ઠાર્ઙ્મુહના કારણે વેપારીઓએ કરોડો રૂપિયાનો વેપાર ગુમાવવાનો વારો આવ્યો છે. જે માંડ માંડ થાળે પડે એવી સ્થિતિ વચ્ચે અફઘાનિસ્તાનમાંથી વાર્ષિક મળતો કરોડોનો વેપાર પણ હવે વેપારીઓએ ગુમાવવાનો વારો આવ્યો છે. જેને લઈ હવે વેપારીઓએ પડયા પર પાટુ મારવા જેવી સ્થિતિનો સામનો કરવાનો વારો આવ્યો છે. જો દિવાળી સુધીમાં સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગની સ્થિતિમાં કોઈ સુધારો નહીં આવે તો કાપડ ઉદ્યોગના વેપારીઓની ચિંતા વધી શકે તેમ છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ભુકંપના આંચકા : લોકો ભયભીત

## ભુકંપનું કેન્દ્ર બિંદુ જામનગરથી ૧૪ કિમી દૂર નોંધાયું

અમદાવાદ તા. ૨૦

સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગઈકાલે સાંજે ભુકંપનાં ભારે આંચકા અનુભવાયા છે. રીકટર સ્કેલ ઉપર આંચકો ૪.૩નો હોવાની સત્તાવાર માહિતી બહાર આવી છે. લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આંચકાને લીધે લોકો રીતસરનાં ઘરની બહાર નીકળી આવ્યા હતાં. ભુકંપનું કેન્દ્ર બિંદુ જામનગરથી ૧૪ કિમી દૂર નોંધાયું હતું. સૌરાષ્ટ્રમાં ભુકંપનાં ત્રણ આંચકા લોકોએ અનુભવ્યા હોવાનું બહાર આવેલ છે. આ ધરતીકંપને કારણે કોઈ જ જાનમાલનું નુકશાન નહીં થયું હોવાનું તંત્ર દ્વારા જણાવાયું છે. આ ભુકંપનો આંચકો બે થી ત્રણ સેકન્ડ માટે અનુભવાયો હતો. ધરતીકંપનો આંચકો તીવ્ર હોવાથી ઘરમાં રહેલા લોકો હચીમચી ગયા હતાં. સૌરાષ્ટ્રભરમાં લોકોનાં ફોનની રીંગો વાગી રહી હતી.

# 'પાટીદાર એટલે ભાજપ' મનસુખ માંડવીયાનાં નિવેદનથી આશ્ચર્ય સર્જાયું

ગાંધીનગર તા. ૨૦

આગામી વિધાનસભાની ચુંટણીની તૈયારીનાં ભાગરૂપે ભાજપ દ્વારા જન આશિર્વાદ યાત્રા શરૂ કરવામાં આવી છે. જેમાં ગઈકાલે કેન્દ્રીય મંત્રીએ પાટીદારોની નારાજગી દૂર કરી ભાજપ તરફ ખેંચવા નિવેદન આપતા ચર્ચામાં આવ્યા હતાં. તેમણે 'પાટીદાર એટલે ભાજપ' તેવું નિવેદન આપતા આશ્ચર્ય ફેલાયું હતું. તેની સામે પાટીદાર અગ્રણી નરેશ પટેલે ડીપ્લોમેટીક જવાબ આપતા જણાવ્યું હતું કે આ નિવેદન મંત્રીનું વ્યકિતગત છે, સમાજનું નાથી, સમાજનાં લોકો જુદી જુદી વિચારધારાથી જોડાયેલા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયાએ રાજકોટમાં પાટીદારો સાથે ચર્ચા કરી હતી. સમસ્ત પાટીદાર સમાજ સાથે બેઠક કરી હતી. જેમાં લેઉવા અને કડવા પાટીદાર સમાજના આગેવાનો ઉપસ્થિત રહયા હતાં. લેઉવા પાટીદાર સમાજમાંથી જયેશ રાદડીયા, પરેશ ગજેરા સહીતનાં આગેવાનો ઉપસ્થિત રહયા હતાં. તો કડવા પાટીદાર સમાજમાંથી જેરામ પટેલ, મૌલેશ ઉકાણી સહીતના આગેવાનોએ કેન્દ્રીય મંત્રીનું સ્વાગત કર્યુ હતું. જન આશિર્વાદ યાત્રામાં મનસુખ માંડવીયાએ પાટીદાર સમાજની નારાજગીને દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો.

# તાલિબાનનાં કબ્ઝા બાદ અફઘાનિસ્તાનમાં કરોડો લોકો ભૂખમરીનો બની શકે છે શિકાર

નવી દિલ્હી તા.૨૦

વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ માટેની દેશની ડિરેક્ટર મેરી એલેન મેકગ્રાર્ટીએ બુધવારે કાબુલથી યુએન પત્રકારોને વીડિયો કોન્ફરન્સ દ્વારા માહિતી પૂરી પાડતી વખતે જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાનનો સંઘર્ષ, ત્રણ વર્ષમાં દેશનો સૌથી ખરાબ દુકાળે અને કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીએ સામાજિક અને આર્થિક અસરને પહેલાથી જ ભયાનક સ્થિતિને ''આપત્તિ'' તરફ ધકેલી દીધો છે. સમગ્ર વિશ્વ આજે કોરોના મહામારીથી કાપી રહ્યુ છે, ત્યારે આ મહામારીએ ઘણા દેશોને આર્થિક રીતે પાયમાલ કરી દીધા છે. આવા કપરા સમયે અફઘાનિસ્તાનમાં તાલિબાનનું શાસન અફઘાનિસ્તાનમાં રહેતા લોકો માટે કેટલુ ખતરનાક સાબિત થઈ શકે છે, તેનો લગભગ તેમને અંદાજો પણ નહી હોય. તાજેતરમાં અફઘાનિસ્તાનમાં તાલિબાન બાદ યુનાઈટેડ નેશન્સ ફૂડ એજન્સીનાં વડાએ કહ્યું કે, તાલિબાનનાં કબ્ઝા બાદ દેશમાં માનવીય સમકટ ઉભુ થઈ રહ્યુ છે, જેમાં ૧.૪ કરોડ લોકો માટે ભૂખમરાની ગંભીર સમસ્યા ઉભી થઈ ગઈ છે. વર્લ્ડ ફૂડ પ્રોગ્રામની દેશની ડિરેક્ટર મેરી એલેન મેકગ્રાર્ટીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા કાબુલથી યુએનનાં સંવાદદાતાઓને જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાનનો સંઘર્ષ, ત્રણ વર્ષમાં દેશનો સૌથી ખરાબ દુકાળે અને કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીએ સામાજિક અને આર્થિક અસરને પહેલાથી જ ભયાનક સ્થિતિને ''આપત્તિ'' તરફ ધકેલી દીધો છે. મેકગ્રાર્ટીએ જણાવ્યું હતું કે, ૪૦ ટકાથી વધુ પાક નાશ પામ્યો છે અને દુષ્કાળથી પશુધન તબાહ થઈ ગયું છે, તાલિબાન આગળ વધી રહ્યુ છે અને સાથે-સાથે મોટી સંખ્યમાં લોકો વિસ્થારિત થઈ રહ્યા છે અને શિયાળો પણ હવે આવવાનો છે. તેમણે કહ્યું, ''ખરેખર ખાવાનું અહી પહોચાડવાની દોડ ચાલી રહી છે.

# ચીનનો દક્ષિણ સમુદ્ર : ચાર ઉકળતા ચરૂ જેવા વિસ્તારો માટે મહાસત્તાઓ વચ્ચે પ્રભુત્વની હોડ !




નવી દિલ્હી તા.૨૦

વિશ્વની મજમુ ગણાતી દરીયાઈ સંપતિ ને લઈને આંતરરાષ્ટ્રીય નિયમો અને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા બનાવવામાં આવેલા સમુદ્ર સુરક્ષા ના કાયદા ઉપરાંત અલગ અલગ દેશોના પોતાના આસપાસના દરિયાઈ વિસ્તારો માટે ની અલગ અલગ નિયમો અને જળવિસ્તાર ની માલિકી અને તેના જતનના વાયક નિયમો બનાવવામાં આવ્યા છે સમગ્ર વિશ્વ માટે સતતપણે ચર્ચાનો વિષય અને ઉપયોગી એવા દક્ષિણ ચીનના દરિયાઈ વિસ્તારના જગતના મજમુ વિસ્તારના આધિપત્યને લઈને ચીન અમેરિકા ભારત રશિયા સહિતના દેશો વચ્ચે વારંવાર રાજદ્વારી ખેંચતાણ ઊભી થાય છે ત્યારે દક્ષિણ ચીન નો આ ભાગ પ્રશાંત મહાસાગર પર પ્રભુત્વ માટે હંમેશા ચીન તેની કૂટનીતિ કરતું રહ્યું છે. પેન્ટાગોનના હિન્દી પ્રશાંત કમાન્ડન્ટ પ્રિન્ટ ડેવિડસનના મતે લાઈવ આગામી છ વર્ષમાં આ વિસ્તારનો વિવાદ સંપૂર્ણપણે ઉકેલાઈ જશે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. અમેરિકા માટે પડકાર જનક સ્થિતિમાં હવાઈથી ૮૦૦૦માઈલના અંતરે આવેલા આ વિસ્તાર પર નજર રાખવી અઘરી બની ગઈ છે ચીન માટે આ વિસ્તાર ૧૦૦ માઈલ જ દૂર થાય છે. સમગ્ર વિસ્તારમાં આવેલા નાના-મોટા ટાપુ પર ચીન પોતાનું આધિપત્ય જમાવવાનો પ્રયાસ કરતું રહે છે તેની સામે અમેરિકાનો સતત વિરોધ બાપુ રહે છે. ચીનની રણનીતિ સમગ્ર વિસ્તાર પર આધિપત્ય જમાવી રાખવા માટે યુદ્ધ જહાજો ક્રુઝ સોનિક મિસાઈલ સાઈબર યુદ્ધ કહેવાય અને એન્ટી સેટેલાઈટ હથિયારો ના માધ્યમથી દક્ષિણ ના દરિયા પર ચીન સતત દાવેદારી કરતું રહે છે. ચીન સ્લીપર સેલ આધુનિક ટેકનોલોજી કોઈ પણ સંજોગોમાં તાત્કાલિક પ્રતિક્રમણ માટે હેલિકોપ્ટર અને એટલે મારફત સૈનિકોને ઉતારવાની સતત તૈયારી રાખે છે ચીનની આ ગતિવિધિ પર અમેરિકા પણ તરત જ એક્શન લેવા માટે તૈયાર રહે છે દક્ષિણ સમુદ્રમાં જેવા ચીનના યુદ્ધ જહાજોની હલન-ચલન દેખાય એટલે તાત્કાલિક અમેરિકા હરકતમાં આવી જાય છે અને અવરજવર ઓછી કરવા દબાણ કરે છે. દક્ષિણ નજીકના તાઈવાન અને દક્ષિણ કોરિયા અને જાપાન ગામ વિસ્તારમાં બેલેસ્ટિક મિસાઈલ યુદ્ધ જહાજ કાયમી ધોરણે તૈયાર રાખે છે. અમેરિકા પણ ચીનના યુદ્ધ જહાજો રડાર અને વાઈપર સતતપણે નજર રાખે છે ચીન વારંવાર તાઈવાન આસપાસ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. ચીન અને જાપાન બંને લશ્કરી સહયોગ ની પ્રાચીન અને અર્વાચીન યુગના સાક્ષી બની રહ્યા છે. દક્ષિણ ચીનના દરિયા પર ચીન અને જાપાન બંને દ્વીપ સમૂહ ના માલિકીના દાવા કરતા રહેશે પૂર્વ ચીન નો દરિયો સેક્રાકુ જાપાની નામ અને ડી આર યુ ચાઈનીઝ નામથી ઓળખાય છે. તીન સતત તેના કબજાવાળા ટાપુ અને દ્વીપ સમૂહ પર લશ્કરી શક્તિ સેનાના સભ્યો લઈને વાયુ અને નો નાના જહાજો અને પેટ્રોલીંગ સતત વધતું રહે છે. ચીનની સાથે સાથે જાપાન પણ પોતાની શક્તિ માં સતતપણે વધારો કરતું રહેશે. ચીન સમગ્ર વિસ્તારમાં સતતપણે નવા ટાપુ બનાવતું રહે છે અને અમેરિકા અને જાપાન ના સંરક્ષણ વ્યવસ્થા સામે પડકાર ઊભો કરતા રહેશે. ટોક્યોમાં યોજાયેલી સાતમી મંત્રણામાં યુદ્ધ જહાજો અને રેડ વધારવાની દિશામાં મહત્વના નિર્ણયો લેવાયા હતા. દક્ષિણ ચીનના વિવાદાસ્પદ જળ વિસ્તારોમાં ચીન અમેરિકા વિયેતનામ ફિલિપાઈન્સ મલેશિયા થાઈલેન્ડ સિંગાપુર ઓસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડ જાપાન ભારત-દક્ષિણ કોરિયા શાન જર્મની અને ઈંગ્લેન્ડના યુદ્ધ જહાજો સતત ફરતા રહે છે. ચીન વારંવાર દક્ષિણ ચીનના દરિયા પર જે વિશ્વ માટે સંયુક્ત સાર્વજનિકમિલકત જેવું હોય તેના પર વારંવાર પોતાનો દાવો કરતું રહે છે. ચીન દ્વારા તાજેતરમાં કૃતિમ ટાપુ નું નિર્માણ કર્યું છે તેને અત્યાર સુધી આવા સાત ટપુ ની રચના કરી છે વિશ્વના વિરોધ વચ્ચે બેજીંગ તંત્રએ આ પ્રવૃત્તિ ત્યારે અટકાવી નથી. અમેરિકા માટે આ સમગ્ર વિસ્તાર ની સુરક્ષા અને કોઈની દાવેદારી સામે રક્ષાત્મક વ્યવસ્થા જરૂરી બની છે. અમેરિકા દક્ષિણ વિસ્તાર ના દરિયામાં મુકત પણે જળવિહાર ની વ્યવસ્થા અને વધુમાં વધુ વિસ્તૃત બનાવવાના પ્રયાસો થતા રહેશે બીજી તરફ ચીન આ વિસ્તાર પર સતત પણે પોતાના માલવાહક અને લશ્કરી જહાજોના આશાપુરા થી દબાણ ઉભુ કરતું રહેશે. અમેરિકાએ આ વિસ્તાર પર ચીનના કથિત પ્રતિક્રમણ સામે લાંબાગાળાના એર પાવર યુદ્ધ જહાજોને આમ જાપાન અને દક્ષિણ કોરિયાથી ક્રૂઝ મિસાઈલ થી અને બોમ્બથી સજ્જ રાખીને તૈયાર જ રાખ્યા છે અને તેનું પ્રથમ નિશાન ચીનના યુદ્ધ જહાજો અને તેણે બનાવેલા કુર્તીમ ટાપુઓ જ રહ્યા છે. ભારત પર કબ સંગઠનોના માધ્યમથી હિન્દુ પ્રશાંત દરિયાઈ વિસ્તારમાં કોઈનો પગ પેસારો કે પ્રતિક્રમણ ન થાય તે માટે ઓસ્ટ્રેલિયા જાપાન અને અમેરિકા સાથે સંયુક્ત રીતે નજર રાખી રહી છે. કવાદ સંગઠનોના દેશો દક્ષિણ ચીન અને પૂર્વ એશિયા ભારતીય સમૂદ્ર દરિયાઈ સીમા સુરક્ષા પર ધ્યાન આપી રહ્યા છે. વોશિંગ્ટન અને નવી દિલ્હી દ્વારા ચીનના પ્રતિક્રમણ પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે અત્યારે ચીન દ્વારા હિમાલય વિસ્તારમાં પ્રતિક્રમણની ફેરવી પર પણ બંને દેશો નજર રાખી રહ્યા છે. દક્ષિણ સમુદ્ર વિસ્તારના આ વિસ્તારો પર કોઈની દાવેદારી અને કબ્જાની શક્યતા નથી પરંતુ તેમ છતાં ચીનની પેરવી પર ભારત સહિતના દેશો નજર રાખી રહ્યા છે આ વિસ્તારમાં ચીન પાસે કેટલાક પ્રદેશો રહેલા છે ચીન ઈરાન પાકિસ્તાન જેવા દેશો સાથે સારા સંબંધો રાખીને અમેરિકા માટે પડકારજનક પરિસ્થિતિઓને ઉભુ કરવાની કોશિશ કરી રહ્યું છે ચીને આફ્રિકાના તૂશરિં વિસ્તાર જેવા પ્રદેશમાં નોકાદલનું નેવલ બેઝ બનાવ્યું છે શ્રીલંકા અને આસપાસના દેશો ના માધ્યમથી આ વિસ્તાર પર પ્રભુત્વ અને સતત પેરવી કરતું રહે છે.

**દક્ષિણ ચીન સમુદ્રમાં સંઘર્ષની તવારીખ**

માર્ચ ૨૦૦૧માં દક્ષિણ ચીન સમુદ્રમાં આવેલી અમેરિકાની બોવડીક સર્વે જહાજને પીળા સમુદ્રની હદમાંથી બહાર નીકળવાની ચીન નીપીપલ લિબ્રેશન આર્મીએ ફરજ પાડી હતી. એપ્રિલ ૨૦૦૧માં અમેરિકા નોકા દળ ના સર્વે હફક્ષય વિમાનને દક્ષિણ ચીન ના દરિયા પર ઉડતી વખતે ત્રિપલ એક્શન આર્મીના ફાયટરોએ પકડી પાડયું હતું. ૨૦૧૬ની સાલમાં અમેરિકાનો સર્વેલન્સ ડ્રોનને ચાઈનીઝ યુદ્ધ વિમાનએ ફિલિપાઈન્સના કબજાની દરિયાઈ સીમામાંથી ઝડપી લીધું હતું.

**ચીન નોકાદળની રણનીતિ**

હિન્દ પ્રશાંત મહાસાગર દક્ષિણ ચીનના દરિયા પર સતત નજર અને પ્રભુત્વ રાખવા માટે ડ્રેગન સતત જાગતો રહેતું હોય તેમ દક્ષિણના મહાસાગર માં માછીમારી માટે તે પોતાના દેશના માછીમારોને ઓફર આપે છે માછીમારો સાથે ચીન નોકાદળનું સુરક્ષાકવચ, આર્થિક મદદ અને માછીમાર પ્રવર્તી માટે સરકારી સહાય કરીને આ વિસ્તારમાં ચીનના માછીમારો સતત અવરજવર કરે તે માટે સરકાર સતત પ્રવૃતિશીલ રહે છે અને ચીનના માછીમારોના અવરજવર વાળા વિસ્તારો પર ચીન પોતાની હુકુમતનો દાવો કરતું રહે છે.

### ચાંપરડા સ્થિત શ્રી બ્રહ્માનંદ વિદ્યાધામની શુભેચ્છા મુલાકાત કરતા ગૃહમંત્રી

# ૨૧મી સદી શિક્ષણની છે, જેની પાસે શિક્ષણ છે તે જગત ઉપર રાજ કરશે : ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા

## નર્સીંગ સ્ટાફ ક્વાર્ટર બીલ્ડીંગનું લોકાર્પણ, ચાંપરડા પોલીસ ચાકીનું ખાતમુહૂર્ત અને યજ્ઞમાં સહભાગી થયા







જૂનાગઢ, તા.૨૦

રાજયના કાયદા અને ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા જૂનાગઢ જિલ્લાના પ્રવાસ દરમિયાન શ્રી બ્રહ્માનંદ વિદ્યાધામ ચાંપરડાની શુભેચ્છા મુલાકાત, નર્સીંગ સ્ટાફ ક્વાર્ટર બીલ્ડીંગનું લોકાર્પણ, ચાંપરડા પોલીસચાકીનું ખાતમુહુર્તતેમજ યજ્ઞમાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, ૧૯મી સદી બાહુબળની હતી, ૨૦મી સદી મૂડીની હતી. જ્યારે ૨૧મી સદી શિક્ષણની છે. જેની પાસે શિક્ષણ છે તે જગત પર રાજ કરશે. ત્યારે ચાંપરડા સ્થિત શ્રી બ્રહ્માનંદ વિદ્યાધામમમાં થતી શિક્ષણ, આરોગ્ય અને સેવાકીય પ્રવૃતિઓને ગૃહમંત્રીએ બીરદાવી હતી. તેમણે આ તકે મુક્તાનંદબાપુની સેવાકીય કામગીરીની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, બાપુ નોધારાના આધાર છે. તેમણે સમાજ જીવનની વ્યથાને સારી અવસ્થામાં પરિવર્તન કરવામાં જીવન વ્યતીત કર્યુ છે. આ શુભેચ્છા મુલાકાત દરમ્યાન મંત્રીશ્રીએ બ્રહ્માનંદ વિદ્યાધામમમાં થતી વિવિધ સેવાકીય કામગીરીથી વાકેફ થયા હતા.તેમજ કોરોના મહામારીમાં બ્રમ્હાનંદ વિદ્યાધામમાં થયેલ લોકોની સેવાસુશ્રુષાની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે મુક્તાનંદબાપુએ આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના સંનીષ્ઠ પ્રયાસોથી લોકો સુખ શાંતીથી રહે છે. સામાન્ય નાગરિક સુરક્ષિત છે. આ તકે તેમણે કોરોનાકાળમાં સરકારશ્રીની કામગીરી અને જૂનાગઢ ખાતે ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સંદર્ભે પોલીસ વિભાગની કામગીરી નોંધનીયછે એમ જણાવ્યું હતું.

આ તકે જાણીતા લોક સાહિત્યકાર રાજભા ગઢવીએ અને માયાભાઇ આહિરે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું.કાર્યક્રમના પ્રારંભે ચાંપરડા આશ્રમના શ્રી શર્માએ સ્વાગત પ્રવચન, સંસ્થાના અધ્યક્ષ શ્રી રાઠોડેશ્રી બ્રહ્માનંદ વિદ્યાધામની સ્થાપના, તેમજ શિક્ષણ - આરોગ્ય વિષયે થતી કામગીરીનો પરીચય આપ્યો હતો. ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએસંસ્થાની મુલાકાત બાદ પટાંગણમાં વૃક્ષારોપણ, જય અંબે હોસ્પિટલ ખાતે નર્સીંગ સ્ટાફ કવાર્ટર બીલ્ડીંગનું લોકાર્પણ, ચાંપરડા પોલીસ ચોકીનુંખાતમુહુર્ત ગૃહમંત્રીશ્રીના હસ્તેયોજાયુંહતું. તેમજ જય અંબે હોસ્પિટલ ખાતે કોરોના વોરિયરનુંકર્મીઓનુંપ્રશસ્તિપત્ર આપી બહુમાન કર્યુ હતું. બ્રહ્માનંદ વિદ્યાધામખાતે યોજાયેલયજ્ઞમાં ગૃહમંત્રીશ્રી અને તેમના ધર્મપત્ની સહભાગી થયા હતા. આ પ્રસંગે સાંસદ રાજેશભાઇ ચુડાસમા, પૂજ્ય શેરનાથબાપુ, પૂજ્ય વિજયબાપુ, પૂજ્ય વલકુબાપુ, રેન્જ આઈજી મનીંદર પવાર, એસપી રવીતેજા વાસમ શેટ્ટી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રબળ રાજકીય ઇચ્છા શક્તિથી ગુજરાત સરકાર ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ-લવ જેહાદ લાવી : ગૃહ રાજયમંત્રી જાડેજા

### કુમળી માનસિકતા ધરાવતી યુવતિઓને બચાવવા ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમમાં ફેરફાર કરાયા છે

જૂનાગઢ, તા.૨૧

ગુજરાત સરકારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ તળે પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિથી ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમમાં કેટલાક ફેરફાર કર્યા છે જેને આપણે લવ જેહાદ તરીકે ઓળખીએ છીએ. જેનો હેતુ આપણી કુમળી માનસિકતા ધરાવતી યુવતિઓને બચાવવાનો છે તેમ ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહજી જાડેજાએ જણાવ્યું હતું. જૂનાગઢ પાસેના ચાંપરડાની મુલાકાતે આવેલ ગૃહ રાજયમંત્રીશ્રીએ માધ્યમકર્મીઓ સાથે સંવાદ સાધતા વધુમાં કહ્યું કે, આ કાયદો પસાર કરવાના મૂળમાં કોઈ વિધર્મી દ્વારા આપણી યુવતીઓને પોતાનુનામ અટક બદલીને કે અન્ય રીતે સોશ્યલ મીડિયામાં પોતાના નામની ખોટી પોસ્ટ મૂકીને કુમળી માનસિકતા ધરાવતી યુવતીઓને ભોળવીને, કપટથી લલચાવી લગ્ન કરતા હતા. અને લગ્ન બાદ આ દીકરીઓનું ધર્મપરિવર્તન કરાવવાના કેટલાંય કિસ્સાઓ ધ્યાનમાં આવ્યા હતા. ગૃહમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, ગુજરાત સરકારે નક્કી કર્યુ કે, દિકરી આપણા કાળજાનો કટકો છે, અને આ દિકરીઓની જીદંગી બચાવવી એ આપણી ફરજ છે. એટલા માટે ગુજરાતમાં ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ-લવ જેહાદ પ્રબળ રાજકીય ઈચ્છા શકિતના આધાર ઉપર લાવ્યા હતા. નામદાર ગુજરાત હાઈકોર્ટ આ કાયદા સંબંધે કેટલાક સૂચનો કર્યા છે. તેનો અભ્યાસ કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેમ ગૃહમંત્રી એ ઉમેર્યુ હતું.

## મુખ્યમંત્રી વિજય રૂપાણીને રાખડી બાંધતા ડો.નિર્મલા વાધવાણી

શુભેચ્છા મુલાકાત દરમ્યાન ડો.નિર્મલા વાધવાણીએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને રાખડી બાંધી હતી. આ પ્રસંગે આનંદ મનવાણી, મહેશ મલકાણી, રમેશ સહજવાણી, કાળુભાઈ સુખવાણી, અભિજીત ઉપાધ્યાય, કંડલાના ઉદ્યોગપતિ કનુભાઈ ઠકકર અને સુનિલ વાધવાણી ઉપસ્થિત રહ્યા હતા.



# રાજકારણનું અપરાધીકરણ રોકવા રાજકીય પક્ષો તૈયાર થશે કે કેમ....?

નવી દિલ્હી, તા.૨૦

દેશમાં છેલ્લા કેટલાક સમયથી રાજકીય પક્ષો ભ્રષ્ટ કે બાહુબલીઓને ચૂંટણીમાં ઉમેદવાર બનાવી મહત્વ આપી રહ્યા છે ત્યારે સવાલ એ ઉભો થાય છે કે ચૂંટાયા બાદ આવા ગુનેગારોજ કાયદાઓ ઘડશે તો દેશનું શું થશે ? છેલ્લા કેટલાક વર્ષોથી રાજકીય પક્ષો જો કોઈ ભ્રષ્ટ કે દાગી નેતા બીજા કોઈ રાજકીય પક્ષમાં હોય તો તેના વિરુદ્ધ ભારે હોબાળો મચાવી દે છે અને દેશભરમાં કાગારોળ મચાવી દેશે અને હોહા મચાવવામાં કોઈ કસર બાકી રાખતા નથી અને જો એ જ બદનામ કરેલ દાગી નેતા પક્ષ પલટો કરીને પોતાના પક્ષમાં આવી જાય તો એ ગંગા નદી ધોયેલો પવિત્ર,દાગ વગરનો બની જાય ! આવા જ પ્રકારની સ્થિતિ વિવિધ ગુનાઓ આચરેલ, ગુનેગારીમા મદદગારી કરેલ, ગુનેગારીમા સામેલ નેતાઓની છે! દેશભરમાં અનેક ધારાસભ્યો, સંસદસભ્યોની વિરુધ્ધમાં બળાત્કાર, હત્યા, અપહરણ, ખૂનીહુમલા ઉપરાંત અનેક ગંભીર પ્રકારના કેસો કોર્ટોમાં ચાલી રહ્યા છે અને લોકશાહી દેશમાં કાયદાથી હાલત એવી છે કે આવા લોકોને કાયદેસર રીતે ગુનેગાર નક્કી ન કરાય કે સાબિત ન કરવામાં આવે ત્યાં સુધી તેઓ બેજીજક ચૂંટણી લડી શકે છે, તેઓને ચૂંટણી લડતા કોઈ રોકી શકતું નથી-કાયદો પણ નહીં. જોકે આને માટે રાજકીય પક્ષો ખૂદ જવાબદાર છે. રાજકીય પક્ષો જ આવા ગુનેગારીનો ઈતિહાસ ધરાવતા કે દાગી નેતાઓને રાજકારણમાં બેહિચક પક્ષમાં પ્રવેશ આપે છે અને રાજકીય પક્ષોની નીતિ કોઈપણ રીતે એન કેન પ્રકારે ચૂંટણી જીતવાની રહી છે.

એટલા કારણેજ ગુનાખોરીની છાપ ધરાવતા લોકોને ચૂંટણી ઉમેદવાર બનાવતા અચકાતા નથી. સ્પષ્ટ બાબત એ છે કે જે તે દાગી કે ગુનેગાર નાણાં અને બળના જોરે રાજકારણમાં પ્રવેશ કરશે અને સત્તા પર બિરાજમાન થશે ત્યારે તે દેશનું કે દેશના લોકોનું શું ભલું કરશે ? રાજકીય પક્ષોની આવી તકવાદી લાલચી નીતિના કારણે રાજકીય ક્ષેત્રમાં ગુનાખોરીને પ્રોત્સાહન મળે છે, અને કાયદા પણ આવા ગુનેગારો જ ઘડે છે, આવું બધું રાજકારણમાં ત્યારે જ અટકે કે જ્યારે રાજકીય પક્ષોની ઈચ્છાશક્તિ ગુનાખોરી ખતમ કરવાની હોય ! દેશમાં જયારે રાજકીય પક્ષો આવા દાગી કે અપરાધીઓને ચૂંટણી ઉમેદવાર તરીકે સ્વિકારવાનુ બંધ કરશે તો આ પ્રશ્ન આપોઆપ હલ થઈ જશે!પરંતુ ખાટલે મોટી ખોટ !! સુપ્રીમ કોર્ટમાં દાગી નેતાઓના ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવા અંગેની અગાઉની અરજી પર એક કેસ ચાલી રહ્યો છે. આ પહેલા એમિક્સ ક્યુરીએ પણ સવાલો ઉઠાવ્યા હતા કે જે ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે તેમના ઉપર ગુનાખોરી બાબતેના કેસ ચાલી રહ્યા હોય તેવા નેતાઓને કાયદા ઘડવાની મંજૂરી શા માટે મળવી જોઈએ ?.

# કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાએ મા ખોડલના ધામમાં કર્યુ ધ્વજારોહણ

### મનસુખભાઈ માંડવિયાનું સન્માન અને રજતતુલા કરવામાં આવી : ખોડલધામના વિકાસમાં ચાંદી અર્પણ કરતાં કેબિનેટ મંત્રી





(પંકજ ઝીબા દ્વારા)

કાગવડ, તા.૨૦

ભારત સરકારના કેબિનેટ મંત્રીશ્રી માનનીય મનસુખભાઈ માંડવિયા તારીખ ૧૯ ઓગસ્ટને ગુરૂવારના રોજ વિશ્વપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરે દર્શનાર્થે પધાર્યા હતા. ભારત સરકારમાં કેબિનેટ મંત્રી બન્યા બાદ મનસુખભાઈ માંડવિયા પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે પધાર્યા છે. ત્યારે તેમની આ પ્રથમ ગુજરાત મુલાકાત દરમ્યાન તેમણે કાગવડ ગામ પાસે આવેલા સુપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરની મુલાકાત લઈને મા ખોડલના આશીર્વાદ લીધા હતા.

તારીખ ૧૯ ઓગસ્ટને ગુરૂવારના રોજ બપોરે ૧-૩૦ વાગ્યાની આસપાસ ભારત સરકારના કેબિનેટ મંત્રી મનસુખભાઈ માંડવિયા શ્રી ખોડલધામ મંદિરે આવી પહોંચ્યા હતા. જ્યાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટી મંડળ દ્વારા મનસુખભાઈ માંડવિયાનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યુંહતું. બાદમાં મનસુખભાઈ માંડવિયાએ મા ખોડલના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ લીધા હતા. મંદિરે નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટી મંડળ દ્વારા મનસુખભાઈ માંડવિયાનું ખેસ પહેરાવી સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કેબિનેટ મંત્રી મનસુખભાઈ માંડવિયા દ્વારા શ્રી ખોડલધામ મંદિરના શિખર ઉપર ધ્વજારોહણ કરવામાં આવ્યુંહતું.

ધ્વજારોહણ બાદ મનસુખભાઈ માંડવિયાનું સન્માન અને રજતતુલા માટે શ્રી ખોડલધામ મંદિર પરિસરમાં આવેલા રંગમંચ ખાતે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં સ્વાગત-સન્માન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. દિપ પ્રાગટ્ય બાદ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટીશ્રીઓ, કન્વીનરશ્રીઓ (ભાઈઓ-બહેનો), વિવિધ સરદાર પટેલ સોશિયલ ગ્રુપ, વિવિધ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ, અટકથી ચાલતા પરિવારના સંગઠનો, વિવિધ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન સહિતની સંસ્થાઓ દ્વારા કેબિનેટ મંત્રી મનસુખભાઈ માંડવિયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

બાદમાં શ્રી ખોડલધામ સમિતિ- રાજકોટ, અમદાવાદ અને ભાવનગર દ્વારા કેબિનેટ મંત્રી મનસુખભાઈ માંડવિયાની રજતતુલા કરવામાં આવી હતી. તેમના વજન બરાબરની ચાંદીથી તુલા કરીને મનસુખભાઈ માંડવિયાને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે કેબિનેટ મંત્રી મનસુખભાઈ માંડવિયાએ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ પરિવારનો હદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સન્માન અને રજતતુલા બાદ પોતાના સંબોધનમાં મનસુખભાઈ માંડવિયાએ કહ્યું કે, ‘મારી યાત્રાના પ્રથમ દિવસે મા ખોડલના દર્શન અને ધ્વજારોહણનો લ્હાવો મળ્યો એ મારા માટે સૌભાગ્યની વાત છે. સૌએ રજતતુલા દ્વારા મારૂ અભિવાદન કર્યુ એ બદલ આભાર. આ રજતતુલાને લાયક બનવાની મા ખોડલ મને શક્તિ આપે તેવી પ્રાર્થના. તમામ ચાંદી હું ખોડલધામના વિકાસની પ્રવૃત્તિમાં અર્પણ કરૂ છું. આ ધરતી ઉપર ત્રિરંગો લહેરાઈ રહ્યો છે, ત્યારે આ પાવન ધરતીને નમન કરૂ છું. મનસુખભાઈ માંડવિયાએ પોતાના સંબોધનમાં અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલને પણ યાદ કર્યા હતા.

ભારત સરકારના કેબિનેટ મંત્રી મનસુખભાઈ માંડવિયાના સન્માન અને રજતતુલા માટે યોજાયેલા આ કાર્યક્રમના અધ્યક્ષ નરેશભાઈ પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ‘શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ બાદ મનસુખભાઈ માંડવિયા ભારત સરકારમાં કેબિનેટ મંત્રી બન્યા એ આપણા સમાજ માટે ગૌરવની વાત છે. નરેશભાઈ પટેલે મનસુખભાઈ માંડવિયાને કેબિનેટ મંત્રી બનવા બદલ અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, આપ હંમેશા સક્ષમ રહીને કામ કરો તેવી મા ખોડલને પ્રાર્થના. શ્રી ખોડલધામ મંદિર ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદ સભ્યો, ધારાસભ્યો અને ઉદ્યોગપતિઓ સહિતના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ, શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટ, શ્રી લેઉવા પટેલ અતિથિ ભવન વેરાવળ-સોમનાથના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રાવણ માસમાં શિવજીનાં લીંગની પૂજા કરવાથી મળતું ફળ

પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન શિવજીની કઈ લીંગની પૂજા કેવી રીતે કરવી જોઈએ? તથા અભિષેક કરવાથી શુ ફળની પ્રાપ્તી થાય છે ? શું ઘરમાં શીવલીંગની સ્થાપના કરી શકાય ? શ્રાવણ માસ શીવજીના આરાધનાનો માસ ગણવામાં આવે છે. પવિત્ર શ્રાવણ માસમાં નાની એવી પૂજા કરવાથી દેવોના દેવ મહાદેવ ભોલેનાથ પ્રસન્ન થતા હોય છે. હિન્દુ ધર્મના પવિત્ર તહેવારોની શરૂઆત જ શ્રાવણ માસથી જ થાય છે. શ્રાવણ સુદ -૧થી હિન્દુ તહેવારોના સો દિવસો આવે છે. પવિત્ર શ્રાવણ માસમાં દરેક ભકતજનો ભગવાન શીવની પૂજા અચુક કરતા હોય છે ત્યારે ભગવાન શીવની કૃપા પ્રાપ્ત કરવા જુદા જુદા અભિષેકો કરતા હોય છે. જયારે જુદી જુદી લીંગની સ્થાપના પણ કરતા હોય છે. શીવલીંગ એ શીવજીનું પ્રતિક સ્વરૂપ છે જેમાં અલગ અલગ લીંગની પૂજા કરવાથી અલગ અલગ ફળની પ્રાપ્તી થાય છે.

(૧) સોનાની શીવલીંગની પૂજા કરવાથી સ્વર્ગની પ્રાપ્તી થાય છે (૨) ચાંદીની શીવલીંગની પૂજા કરવાથી પિતૃઓ પ્રેત યોનીમાંથી મુકિત થાય છે (૩) પોખરાજ શીવલીંગની પૂજા કરવાથી ધન અને લક્ષ્મીની વૃધ્ધી થાય છે (૪) મોતીની શીવલીંગની પૂજા કરવાથી રોગ અને કષ્ટમાંથી મુકિત મળે છે (૫) નીલમની શીવલીંગની પૂજા કરવાથી માન સન્માન અને પ્રતિષ્ઠા વધે છે (૬) ત્રાંબાની શીવલીંગની પૂજા કરવાથી દિર્ધ આયુષ્યની પ્રાપ્તી થાય છે (૭) પીતળના શીવલીંગની પૂજાકરવાથી જીવન પ્રકાશમય બને છે, બધી જ ઈચ્છા પૂર્ણ થાય છે (૮) કાંસાના શીવલીંગની પૂજા કરવાથી સમાજમાં શ્રેષ્ઠ વ્યકિત્વ પ્રાપ્ત થાય છે (૯) લોખંડના શીવલીંગની પૂજા કરવાથી શત્રુનો નાશ થાય છે, ભય મુકત જીવન બને છે (૧૦) ગોળના શીવલીંગની પૂજાકરવાથી અન્નનો ભંડાર વધે છે અને જીવનમાં મીઠાશ વધે છે (૧૧) વાંસમાંથી બનાવેલા શીવલીંગની પૂજા કરવાથી વંશની વૃધ્ધી થાય છે અને શ્રેષ્ઠ પુત્રની પ્રાપ્તી થાય છે (૧૨) અડદના લોટના શીવલીંગની પૂજા કરવાથી શ્રેષ્ઠ પતિ કે પત્નીની પ્રાપ્તી થાય છે (૧૩) માખણ સાથે ઘઉંના લોટની શીવલીંગની પૂજા કરવાથી સર્વે ઈચ્છાઓને પૂર્ણ કરી સર્વે કષ્ટોને દુર કરી શકાય છે (૧૪) સ્ફટીકના શીવલીંગની પૂજા કરવાથી ધનની પ્રાપ્તી તથા નિરોગી આયુની પ્રાપ્તી થાય છે (૧૫) નર્મદેશ્વર (કાળો પત્થર)ની શીવલીંગ રૂપી પૂજા કરવાથી ઘરમાં કજીયા, કંકાસ દુર થાય છે (૧૬) પાર્થીવ શીવલીંગની પૂજા કરવાથી અકાળ મૃત્યુ તથા દુર્ઘટના રોકી શકાય છે, શ્રેષ્ઠ વિચારોની પ્રાપ્તી થાય છે, દુર્ગુણોનો નાશ થાય છે.

**અભિષેક પૂજા કેવી રીતે અને કેનાથી કરવી જોઈએ ?**

મુખ્યત્વે દશ વસ્તુથી અભિષેક કવરાથી મહા પૂણ્યનું ભાથુ બાંધી શકાય છે. (૧) જાળથી અભિષેક કરવાથી સ્વભાવને શાંત કરે છે. આચરણ સુધારે છે. યાદ શકિત વધારે છે. (૨) મધથી અભિષેક કરવાથી વાણીમાં મીઠાશ આવે છે અને લોકો સાથે સારા વ્યવહાર વધે છે. (૩) દુધ દ્વારા અભિષેક કરવાથી ઉત્તમ સ્વાસ્થ્ય મળે છે જીવન નિરોગી રહે છે (૪) દહીંથી અભિષેક કરવાથી ગંભીર જીવન બનાવે છે, વિચારેલું સારૂ કાર્ય પૂર્ણ કરાવે છે (૫) ઘીથી અભિષેક કરવાથી શરીરમાં શકિત અર્પે છે અને લોહીને શુધ્ધ રાખે છે (૬) અંતરથી અભિષેક કરવાથી મનને પવિત્ર બનાવે છે જેથી જીવન પવિત્ર અને સુગંધીત બને છે (૭) ચંદન અભિષેક કરવાથી વ્યકિત્વ આકર્ષીત બનાવે છે અને સમાજમાં પ્રતિષ્ઠા અપાવે છે (૮) કેસરથી અભિષેક કરવાથી સોમ્યતા, સુંદરતા અને રૂપની પ્રાપ્તી અને ચહેરો આકર્ષીત બને છે (૯) ભાંગથી અભિષેક કરવાથી વિકાર અને બુરાઈથી દુર રાખે છે અને સત્યના માર્ગે લઈ જાય છે (૧૦) સાકરથી અભિષેક કરવાથી સુખ અને સમૃધ્ધીની વૃધ્ધી કરાવે અને જીવન મધુર બનાવે છે. સાથે શીવજીને બીલી પત્ર, ધતુરો, ધુપદિપ, પુષ્પ અર્પણ કરી મીઠાઈ અને ફળનો ભોગ અર્પણ કરવો જોઈએ. રાશી અનુસાર રૂદ્રાક્ષ ધારણ કરવો જોઈએ તેમજ અભિષેક કરતી વખતે મહા મૃત્યુંજય મંત્ર અથવા ૐ નમઃ શિવાયના જાપ ચાલુ રાખવા જોઈએ.

**સંકલન : આચાર્ય ડો.અજયકુમાર પંડયા**

# મુખ્યમંત્રીને સિંધુ સ્માર્ટ સીટીનો રિપોર્ટ રજૂ કરાયો

હિન્દ મેં સિંધ સમુહ દ્વારા અમદાવાદ ખાતો આનંદ મનવાણીનાં નેતૃત્વમાં અને ડો.નિર્મલા વાધવાણીની ઉપસ્થિતિમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, મુખ્ય સચિવ મનોજ દાસ અનો રાજસ્વ સચિવ કમલ દયાનીની મુલાકાત કરી સિંધુ સ્માર્ટ સીટી માટે જમીન સંપાદનની માંગણી કરી હતી અને મહેશ મલકાણી દ્વારા તૈયાર કરાયેલ પ્રોજેકટ રિપોર્ટ રજુ કર્યો હતો.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

# ડિઝીટલ પ્લેટફોર્મથી વૈશ્વિક વ્યાપારમાં વૃદ્ધિ માટે ધંધાકીય તમામ સેકટરો માટે એક બજાર ડોટ કોમની શરૂઆત




અમદાવાદ, તા.૨૦ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી દેશભરમાં હવે ડિજીટલ ક્રાંતિ સર્જાઈ રહી છે. દરેક સેકટરમાં ટેકનોલોજીના વધી રહેલા વ્યાપથી તમામ સેકટરોને ફાયદો થઈ રહ્યો છે. દેશ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે વેપારને વેગ આપવા માટે વન નેશન વન માર્કેટનો પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. આવી તમામ ઉપલબ્ધિઓને લઈનો વ્યાપાર ધંધા કરતા વેપારીઓનો વેપાર સરળ બને તે માટે એક બજાર ડોટ કોમ દ્વારા આની પહેલ કરવામાં આવી રહી છે.

આજે એક બજાર ડોટ કોમ વિશે વધુ માહિતી આપતા કંપનીના સીઈઓ ઉષા નાંદાકુમારજીએ પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન જણાવ્યું હતું કે, આ પ્લેટફોર્મ દ્વારા ટ્રેડર્સ, ખેડૂતો, એસએમઈ, એમએસએમઈને એક જુથ હેઠળ લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેના દ્વારા માત્ર દેશમાં જ નહીં પરંતુ વિદેશ પણ ટ્રેડર્સ પોતાની પ્રોડકટ વેચી શકશે અને ખરીદી શકશે. આમ, તમામ સેકટરનો એક જુથ હેઠળ લાવી વૈશ્વિક સ્તોર વેપાર વૃદ્ધિ માટે દેશમાં આ પહેલું પગલું છે.

તેમણે વધુમં જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ પ્લેટફોર્મ દ્વારા અત્યાર સુધીમાં ૧૦૦૦થી વધુ ટ્રેડર્સ રજીસ્ટર્ડ થઈ ચુકયા છે. આગામી એક માસમાં ૩૦ હજારથી વધુ ટ્રેડર્સ જોડાય તેવી સંભાવના છે. ગુજરાતમાં પ્રથમ શરૂઆત કરવા અંગે તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત એ બિઝનેઝનું ગ્રોથ એન્જીન છે. આગામી છ માસમાં તામિલનાડુ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અનો કર્ણાટકમાં લોન્ચ કરાશે.

આજે અમદાવાદમાં ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના લેડીઝ ચેરપર્સન શિલ્પાબેન ભટ્ટ તથા એક બજારના એમડી ઉષા નંદાકુમાર દ્વારા બિઝનેસ વુમન કમિટી સાથે એક સેમિનાર યોજયો હતો. આજના આ સેમિનારમાં અંદાજે ૧૫૦થી વધુ મહિલા ઉદ્યોગ સાહસિકતા ઉપસ્થિત રહી હતી જેમાં તઓએ ડિઝીટલ પ્લેટફોર્મ વિશેની સમજ કેળવી હતી જેમાં લેડીઝ ઘરેબેઠા પોતાના સમયમાં આવક મેળવી શકે છે તથા જે લેડીઝપોતાનો બિઝનેસ, ગૃહ ઉદ્યોગ, બ્યુટીપ્રોડકટસ તથા કોઈપણ પ્રકારના બિઝનેસ કરી શકે છે અને આ માધ્યમ દ્વારા ઓછા ખર્ચમાં બિઝનેસ વધારી શકે છે તેની સમજ આપવામાં આવી હતી અનો ફ્રી ટ્રાયલમાં જોડાવા માટે હેલ્પલાઈન નંબારે ૧૮૦૦૩૦૯૧૩૪૯ ઉપર સંપર્ક કરી શકો છો.

## જૂનાગઢમાં બહેનો માટે સાયકલ રેલી યોજાશે

જૂનાગઢ તા.૨૦ જૂનાગઢ શહેરમાં તા.૨૧ ઓગષ્ટના રોજ બહેનો માટે સાયકલ રેલી યોજાશે. આ રેલીમાં ભાગ લેવા ઈચ્છનાર બહેનોએ તા.૨૦ ઓગષ્ટના સાંજના ૬ કલાક સુધીમાં ૯૧૦૬૦-૩૯૮૪૬ વોટશેપ નંબર ઉપર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી આયોજીત આ રેલીનો પ્રારંભ તા.૨૧ ના રોજ સવારે ૭ કલાકે સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ગાંધીગ્રામથી થશે. સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ગાંધીગ્રામથી આ રેલી ભુતનાથ, જીમખાના ચોક, મનોરંજન સરકીટ હાઉસ, પીટીસી ગ્રાઉન્ડ, આંબેડકરનગરથી પરત રામ નિવાસ સરકારી કોલોની કલેકટર નિવાસથી ગાંધીગ્રામ રેલ્વે ફાટક થઈ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ગાંધીગ્રામ ખાતે સમાપ્ત થશે. આ રેલીમાં ભાગ લેનારને પ્રમાણપત્ર આપવામાં આવશે.

## રસીકરણ બાદ એન્ટીબોડી કોરોનાનાં ડેલ્ટા વેરિયન્ટ સામે અસરદાર હથિયાર

ન્યુયોર્ક તા.૨૦ કોરોનાનો ડેલ્ટા વેરિયન્ટ દુનિયાના તમામ દેશોમાં કેર વર્તાવી રહ્યો છે. અમેરિકામાં કોરોનાના આ વેરિયન્ટનો તો જાણે આતંક છે. અમેરિકામાં એક દિવસમાં કોરોનાથી ૧૦૦૦થી વધુ લોકો મૃત્યુપામી ગયા. જોકે વિજ્ઞાનીઓનું કહેવું છે કે, કોરોનાથી બચાવમાં વેકિસનેશન અસરદાર હથિયાર છે. એક નવા અભ્યાસમાં વિજ્ઞાનીઓએ નોંધ લીધી કે વેક્સિનેશન બાદ બનતા એન્ટીબોડી કોરોનાના ડેલ્ટા વેરિયન્ટ સામે અત્યંત અસરદાર છે. ડેલ્ટા વેરિયન્ટ આ એન્ટીબોડીથી બચવામાં અસમર્થ છે. અભ્યાસના પરિણામ જર્નલ ઈમ્યુનિટીમાં પ્રકાશિત કરવામાં આવ્યા હતા. આ અભ્યાસ એ વાતની પુષ્ટિ કરે છે કે, વેક્સિનેશન કરાવી ચૂકેલા લોકો ડેલ્ટા વેરિયન્ટના પ્રકોપના સૌથી ખરાબ દોરથી બચવામાં કેમ સફળ થઈ શક્યા હતા. અમેરિકામાં વોશિંગ્ટન યુનિવર્સિટી સ્કૂલ ઓફ મેડિસિનના રિસર્ચરોએ ફાઈઝરની કોરોના વિરોધી વેક્સિન લેનારા લોકો દ્વારા ઉત્પન્ન એન્ટીબોડીની એકપેનલનું વિશ્લેષણ કર્યું હતું. વિજ્ઞાનીઓએ નોંધ લીધી કે કોરોનાનો ડેલ્ટા વેરિયન્ટ એ તમામ એન્ટીબોડીથી બચવામાં અસમર્થ હતો જેમનું તેમણે પરીક્ષણ કર્યું હતું. એટલું જ નહીં વિજ્ઞાનીઓએ નોંધ લીધી કે કોરોનાના બીજા ઘાતક સ્વરૂપ જેમ કે બીટા વેરિયન્ટની ઓળખ પણ મુશ્કેલ હોય છે. અનેકવાર તે તપાસમાં છટકી જાય છે. આટલું જ નહી વિજ્ઞાનીઓ કહે છે કે કોરોનાનો બીટા વેરિયન્ટ અનેક એન્ટીબોડી દ્વારા નિષ્ક્રિય થવાથી બચી જાય છે.

## તંત્રી લેખ

## કોંગ્રેસ નેતાઓની અનિર્ણાયકતાને લીધે દેશના લોકોની દશા શું થશે ?

દેશની આઝાદીનું મુખ્ય અંગ ગણાતા કોંગ્રેસ પક્ષનું દેશમાં શું થવા બેઠું છે તેની પાયાના કાર્યકરોમાં વિશેષ ચિંતા વ્યાપી ગઈ છે. એક સમયે દેશભરમાં કોંગ્રેસ પક્ષનો ડંકો વાગતો હતો જ્યારે કે તેના નેતાઓ વિશ્વ સ્તરે છવાયેલા રહેતા હતા. પરંતુ ૧૯૬૯માં કોંગ્રેસના ભાગલા પડ્યા બાદ ઈન્દિરા ગાંધીપ્રેરિત કોંગ્રેસે એ હદે કાઠું કાઢ્યું હતું કે દેશમાં તો ઠીક પરંતુ વિશ્વભરમાં છવાઈ ગઈ હતી. તેમાં પણ ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધમાં અમેરિકાની ૩૦૦ ઉપરાંત ટેન્કોનું જે રીતે કબ્રસ્તાન બનાવી દીધુ તેમજ પાકિસ્તાન લશ્કરને શરણાગતિ સ્વીકારવી પડી તેના કારણે ભારત સમગ્ર વિશ્વમાંછવાઈ ગયું હતું. ભારતના લશ્કરનાશૌર્યએ વિશ્વના દેશોને ચકાચૌંધ કરી દીધા. પરંતુ તે સમયમાં કોંગ્રેસ પક્ષમાં એક એકથી સમજદાર, અભ્યાસુઓ, લોકશાહીમાં ગળાડૂબ હતા. ઈન્દિરા ગાંધીના મૃત્યુ બાદ રાજીવ ગાંધીને પાયલોટ પદ છોડાવી વડાપ્રધાન પદ સોંપવામાંઆવ્યું. રાજીવ સરકારે ૧૮વર્ષની ઉંમરનાને મતાધિકાર આપ્યો, ૩૩ ટકા મહિલા અનામત લાવીને દેશમાં એક નવી હવા ઊભી કરી દીધી. દરમ્યાન દક્ષિણ ભારતમાં એક જાહેરસભામાં તેઓની બોમ્બ દ્વારા હત્યા થઈ અને પછી કોંગ્રેસમાં ધીરે ધીરે સંગઠન તરફ બેધ્યાન બનતા કોંગ્રેસ નબળી પડવા લાગી. સફળતાપૂર્વક શાસન કરનાર નરસિંમ્હરાવ અને મંદીના દોરમાં ડો. મનમોહનસિંહે ભારતને આર્થિક રીતે સધ્ધરતા તરફ દોડાવતા વૈશ્વિક મંદીની અસરો ન થવા દીધી.... પરંતુ કોંગ્રેસમાં જે પકડ ઈન્દિરા ગાંધીની હતી તેવી પકડ કોઈ નેતાની રહી નહીં અને કોંગ્રેસમાંથી એક પછી નેતાઓ પોત પોતાના ચોકા અલગ કરતા ગયા અને આજે દેશમાં કોંગ્રેસમાંથી છૂટા પડેલાઅનેક પક્ષો મેદાનમાંછે. જ્યારે કે કોંગ્રેસને ખતમ કરવા ભાજપે કોઈ કસર બાકી રાખી નથી છતાં કોંગ્રેસના મૂળિયા ગ્રામ્ય સ્તર સુધી ઊંડા હોઈ તે ખતમ થઈ શક્યોનથી તે હક્કીતસ્વીકારવી રહી.....! દેશભરમાં આમ પ્રજા મોંઘવારી, બેરોજગારી જેવા પ્રશ્ને બેહાલ છે. ત્યારે પ્રજાહિતના આવા સળગતાપ્રશ્નો લોકસભા સહિત દેશભરમાં ગજાવવાની જરૂર હતી.... પરંતુ કોંગ્રેસ સહિતના વિપક્ષોએ પેગાસસ મુદ્દે ભારે હોહા મચાવી જેની અસર આમ પ્રજામાં જોઈએ તેવી થઈ નથી....! બીજી તરફ મમતા બેનરજીએ વિપક્ષોને એક જૂટ કરવાના પ્રયાસો શરૂ કરી દીધા છે અને વિપક્ષોએ લોકસભામાં એક જૂઠ થઈ પેગાસસ મુદ્દે હંગામો મચાવ્યો તેના પડઘા પણ પડ્યા. જ્યારે કોંગ્રેસે દિલ્હી ખાતે એક કુચ યોજી પરંતુ તૃણમૂલ કોંગ્રેસ અને આપ પક્ષ દૂર રહ્યા... આનો અર્થ શું.....? કોંગ્રેસમાં ત્રણ સાંધે ત્યાં તેર તૂટે છે... પંજાબ કોકડું ઉકેલાયું ત્યા રાજસ્થાનનું કોકડું ઉકેલાતું નથી. બીજી તરફ રાષ્ટ્રીય સ્તરે રાહુલ ગાંધી પક્ષ પ્રમુખ પદ માટે નિર્ણય લઈ શકતા નથી તેમની આવી અનિર્ણાયકતાએ પક્ષ માટે તકલીફ ઊભી કરી છે તો વિપક્ષ એકતા માટે અડચણ પેદા થવા પામી છે. ગુજરાતમાં છ માસથી પ્રદેશ પ્રમુખ પદ, વિપક્ષ નેતા પદ સહિતના જરૂરી પદો ખાલી પડયા છે તે માટે નિમણુંક કરવાનો નિર્ણય લઈ શકતી નથી. પરિણામે ગુજરાત કોંગ્રેસમાં જેતે નેતાઓ પોતાની મરજી અનુસાર કાર્યક્રમો યોજે છેજેને જનમેદનીની કમી પડે છે. લોકો પણ કોંગ્રેસ ઈચ્છી રહ્યા છે. હવે દેશમાં સમય પાકી ગયોછે કે કોંગ્રેસને બેઠી કરવી હોય તોપ્રજા હિતના મોંઘવારી, બેરોજગારી, કૃષિ કાનુન સહિતના વિવિધ મુદાઓ ઉઠાવી આક્રમક રૂખ અપનાવવું પડશે. કોંગ્રેસને દોડતી કરવી હોય તો રાહુલ ગાંધીએ યા તો જવાબદારી સ્વીકારવી પડશે નહીં તો બીજાને સોંપવી પડશે. પછી ભલે પ્રિયંકા ઉપર જવાબદારી નાખવામાં આવે પણ નિર્ણય લેવો અતિ જરૂરીછે. આમ પ્રજા પણ કોંગ્રેસ તરફ મીટ માંડીને બેઠી છે કારણ પ્રજા ચારે તરફથી ભીંસમાં આવી ગઈ છે ત્યારે રાહુલની અનિર્ણાયક્તા કોંગ્રેસને મોટુ નુકશાન કરીશકે છે. બીજી તરફ જૂના અનુભવી કોંગ્રેસના નેતાઓને મેદાનમાંલાવવાપડશે અને એ આજના સમયની જરૂર છે. તે સાથે પ્રજાકીય પ્રશ્નોને મહત્વ આપી કોંગ્રેસે આક્રમક બનવું પડશે. ગુજરાત માટે કોંગ્રેસમાં ખાલી પડેલ પદો માટે તાકિદે નિર્ણય કરવો જરૂરી છે. કારણ ગુજરાતમાં ભાજપાએ વિધાનસભા ચૂંટણીની તમામ તૈયારીઓ કરી લીધી છે જ્યારે કે કોંગ્રેસમાં હજુ કોઈ ઠેકાણા નથી. ત્યારે કાર્યકરોમાં સવાલ એ ઊભો થયો છે કે કોંગ્રેસ ગુજરાતની ચૂંટણીઓ લડવા માંગે છે કે નહી.....? ગુજરાતમાં કોંગ્રેસે કરીશ્માવાળો ચહેરો ગોતવો પડે તેમછે. પ્રશાંત કિશોરને ગુજરાતની અઘરી દાવપેચવાળી રમતનુંમેદાન સોંપવામાંઆવ્યું છે. તે કેટલું સફળ થશે તેમજ ઓબીસીઅને પાટીદાર મતોજેના તરફે ઢળે તેનોપક્ષમજબુત બને તેવો નેતા કોંગ્રેસે ગોતવો પડે તેમ છે.

## ખરાબ સમય માનવીની ખરી કસોટી કરે છે, જીવનનાં કઠિન સમયને અગાઉથી જાણો

અઘટિત ઘટિતં ઘટ્યતિ, સુઘટિત ઘટિતાની દુર્ઘટી કુરૂતે।
વિધિરેવ તાનિ ઘટ્યતિ, યાનિ પુમાન્નૈવ ચિન્તયતિ ॥

અર્થાત્ અઘટિત ઘટના આવી પડે છે, વ્યવસ્થિત ગોઠવણ ઊંધી પડી જાય છે. વિધિ (નસીબ) એવું ગોઠવે છે જે મનુષ્યે કદી વિચાર્યું ન હોય. રાત પછી દિવસ, તડકા પછી છાંયો અને દુઃખ પછી સુખ આ બે શબ્દોના અસ્તિત્વ વગર જીવન પરિપૂર્ણ બને નહીં. વર્તમાન સમય માનવીની કસોટીનો છે. માત્ર વ્યક્તિગત નહીં, પરંતુ દેશકાળ અને દુનિયા માટે ખૂબ જ કપરો સમય ચાલી રહ્યો છે. ખરાબ સમય માનવી ઘડે છે. દુઃખ પછી સુખની શરૂઆત થાય છે એ વધુ પડતું સુખ જીવનમાં દુઃખને આમંત્રણ આપે છે. ઋષિમુનિઓએ અને આપણા આર્ષદ્રષ્ટા મુનિ પરાશરે જન્મકુંડળીમાં લાભસ્થાન પછી તરત વ્યય સ્થાનનું નિર્માણ કર્યું છે. આથી માનવી સારા દિવસોમાં છકી ન જાય અને જિંદગી પ્રત્યેનો સાચો અભિગમ કેળવે. આવા કઠિન સમયે વ્યક્તિને ગ્રહગતિ સમજવા જ્યોતિષીના માર્ગદર્શનની જરૂર પડે છે. આજના આ લેખમાં એવા મુદાઓ ઉપર પ્રકાશ પાડ્યો છે, તેનું અધ્યયન કરી તમારી કુંડળીનો અભ્યાસ કરી સમસ્યા જાણી શકશો. જીવનમાં આવનારાં કષ્ટ, દુઃખ અને મુશ્કેલી માટે સૂર્ય, શનિ અને ચંદ્રની સ્થિતિનો અભ્યાસ કરવાથી આવનારી ઘટના અંગે સાવચેતી જાળવી શકાય. સૂર્યને આત્મા તરીકે ઓળખવામાં આવે છે. સૂર્યને પિતાનો કારક ગ્રહ ગણવામાં આવે છે. શરીરમાં હૃદય ઉપર તેનું આધિપત્ય છે. સૂર્ય એટલે તેજ, પ્રતિષ્ઠા અને કીર્તિ. આથી જ્યારે સૂર્ય દૂષિત હોય ત્યારે વ્યક્તિના આત્મા અને હૃદયને કષ્ટ પડે છે. પિતાની તંદુરસ્તીને અસર કરે છે. ચંદ્રને મનનો કારક કહ્યો છે. ચંદ્ર માતાનું પ્રતિનિધિત્વ કરે છે. સમગ્ર શરીરમાં ભ્રમણ કરતા પ્રવાહી ઉપર ચંદ્રનો અદ્ભૂત પ્રભાવ છે. આથી જ માનવમન અનેમાનવજીવન ઉપર ચંદ્રનોપ્રભાવ એ અસરો વધુ જોવા મળે છે. જ્યોતિષ શાસ્ત્રમાં મેદનીય ભવિષ્ય જાણવા ગોચર પધ્ધતિ ખૂબ જ પ્રચલિત અને આધારભૂત છે. જો જન્મકુંડળીમાં ચંદ્ર દૂષિત થાય તો વ્યક્તિ ધૂની અથવા પાગલ બની જાય છે અનેમાનસિક અસ્થિરતાને કારણે બીજી અસંખ્ય મુસીબતોને પણ આમંત્રણ આપે છે. ત્રીજો ગ્રહ છે શનિ. જે લોકો શનિને સમજે છે તે લોકો જિંદગીની પીડા, કષ્ટ અને દુઃખને સરળતાથી સમજી શકે છે. કારણ કે શનિ સર્વ સુખોનું મારણ અનેસર્વદુઃખોનુંકારણ પણ છે. શનિને કારણે માનવીના જીવનમાં પનોતી આવે. માનવીના જીવનમાં પનોતી જેવો વિપરીત અને કસોટીકાળ એક પણ નથી. જ્યારે જાતકની રાશિથી બારમે, પહેલે અને બીજે ગોચરમાં શનિ આવે ત્યારે સાડા સાતીની પનોતી કહેવાય. ઉપરાંત ઢૈયા પણ જાતકને અસર કરી જાય છે. જેવી રીતે ચંદ્ર શનિના ભ્રમણ હેઠળ આવે અનેમાનવીનો દુઃખદાયક સમય શરૂ થાય તે પ્રમાણે જ જ્યારે જાતકની જન્મકુંડળીનો સૂર્ય શનિની દ્રષ્ટિ અગર પડછાયા હેઠળ આવે ત્યારે જાતકનું ગૌરવ, આત્મવિશ્વાસ તૂટે, તંદુરસ્તી બગડે, ધંધા-વ્યવસાયમાં પારાવાર નુકશાન થાય. પનોતીકાળનાં સાડા સાત વર્ષ સમજી વિચારીને ચાલો, નવા જોખમ ખેડવા નહીં, આર્થિક લેણદેણ ટાળવી, તન-મન-ધનથી સંભાળવું. જ્યારે જ્યારે જન્મકુંડળીના સૂર્ય અને ચંદ્ર બંને ગ્રહો શનિ અગર રાહુના ભ્રમણની અસર હેઠળ આવતા હોય ત્યારે જ્યોતિષ શાસ્ત્ર અનુસાર વિષયોગ, ગ્રહણ યોગ જેવા અશુભ યોગ ઊભા થતા હોય છે. આવી સ્થિતિ જાતક માટે અશુભ પુરવાર થાય છે. આપની કુંડળીમાં આવા યોગ ક્યારે છે ? તે ચકાસો, શનિના ગોચરને સમજો.

## શ્રી પશુપતિનાથનું રહસ્ય



**શ્રાવણ સત્સંગ**
કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

ભગવાન શિવજીની અષ્ટમુર્તિઓમાં નેપાળના પશુપતિનાથ મહાદેવ યજમાનમૂર્તિના પ્રતીક છે. શ્રી પશુપતિનાથ લિંગ રૂપમાં નહીંપરંતુ માનુષી-વિગ્રહનાં રૂપમાં બિરાજમાન છે. નેપાળ ક્ષેત્રને પાશુપત-ક્ષેત્રમાં પરિગણિત કરવામાં આવ્યા છે.

નેપાળ મહાત્મ્ય, સ્કંદપુરાણ, શિવ પુરાણ તથા વરાહ પુરાણ આદિમાં આ ક્ષેત્રનો મહિમા ગવાયો છે. અહીં બાગમતી નામની એક પવિત્ર નદી છે તે નદીના દક્ષિણ કિનારે કાઠમંડુ નગરમાં દેવપત્તન નામના સ્થાન ઉપર ભગવાન શ્રી પશુપતિનાથ મહાદેવનું સુપ્રસિધ્ધ મંદિર છે. આ મંદિર પૈગૌડા-શૈલીમાં નિર્માણ પામેલું છે.

આ સ્થળે શિવલીંગના પ્રાદુર્ભાવ સંબંધમાં એક પ્રસધ્ધિ કથા છે. શ્લેષમાન્તક નામના વનામાં સિધ્ધાંચલ પાસે દેવનદી બાગમતીના તટ ઉપર એક સ્થળે કામધેનું નિત્ય સ્વેચ્છાએ દુગ્ધક્ષરણ (દુધની ધારા) કરી જાતી હતી. આ સ્થળે ભગવાન શિવજી ગુપ્તરૂપથી નિવાસ કરતા હતા.

બ્રહ્માજી ભગવાન શ્રી વિષ્ણુને સાથે લઈ અને આ સ્થળે આવ્યા અને સ્વયંભુ જ્યોતિ સ્વરૂપના દર્શન કરી તેમની પ્રાર્થના કરવા લાગ્યા. આ તેજપુંજ ઉપર બ્રહ્માજી અને વિષ્ણુ ભગવાને રત્નમયી પંચમુખી લિંગમુર્તિની સ્થાપના કરી. ત્યાર બાદ ભગવાન સદા શિવને ત્યાં તે જ રૂપમાં પ્રતિષ્ઠિત રહેવાની પ્રાર્થના કરી.

ભગવાન શિવજીએ પણ ત્યાં તે જ રૂપમાં રહેવાનું સ્વીકાર કર્યું. હાલે પણ મણિમય સ્વર્ણલીંગના દર્શન કરી શકાય છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

નિરાશા નિર્બળતાનું ચિહ્ન છે.

- સ્વામી રામતીર્થ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.ફરવરદીન-૧૩૯૧, મુ. મોહરમ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, શ્રાવણ સુદ-૧૩ જીવંતિકા પૂજન, વરદ-લક્ષ્મીવ્રત, પ્રદોષ તા. ૨૦ ઓગષ્ટ ૨૦૨૧, શુક્રવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૧૧, ઉત્તરાષાઢા નક્ષત્ર, આયુષ્માન યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૨૯, સૂ.અ.૧૯:૧૯
આજનો દિવસ સામાન્ય છે.
આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : વાહન-જમીનથી લાભ થાય. જીવસાથીથી વિશેષ સ્નેહ રહે.
વૃષભ : માનસિક પ્રસન્નતામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.
મિથુન : વ્યર્થ ખર્ચ પર કાબુ રાખવો. હરિફ વર્ગથી સંભાળવું.
કર્ક : આકસ્મીક ધનલાભ થાય. યાત્રા-પ્રવાસમાં સાફળતા મળે.
સિંહ : સંતાનવર્ગથી લાભ મળે. વ્યવસાયિક કાર્યમાં પ્રગતિ થાય.
કન્યા : પારિવારીક સામસ્યામાં મદદરૂપ બનવું પડે. આર્થિક સામસ્યા હળવી બાને.
તુલા : અણધાર્યો લાભ મળે. નોકરીયાત વર્ગ માટે ઉત્તામ દિવસ.
વૃશ્ચિક : નવિન ઓળખાણથી લાભ. જૂના મતભેદો નીવારી શકાય.
ધન : આર્થિક લાભ મેળવી શકશો. વ્યર્થ કાર્યબોજ રહે.
મકર : ધીરજ રાખવી હિતાવહ. જૂના વાદ-વિવાદનો અંત આવે.
કુંભ : પડવા-વાગવાથી સંભાળવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મીન : મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.



મને તો એજ નથી સમજાતું કે, મને જોઈને મોઢું બગાડો છો કે મોંઘવારીનાં કારણે ?



મોંઘવારી ? એકનાં એક જુના વિષયને કયાં સુધી પકડી રાખશો ?



મોંઘવારી વધી તોય તારૂ વજન કેમ ન ઘટયું ? તેની લેબોરેટરીમાં તપાસ કરાવવી પડશે !

# ખાનગી શાળાઓમાં ૫૦ ટકા ફી માફી માટે વાલીઓએ હાઈકોર્ટનાં દ્વાર ખટખટાવ્યા

ગાંધીનગર તા.૨૦

કોરોનાની બીજી લહેર શાંત થતાં જ રાજ્યમાં શિક્ષણ અનલોક થઈ રહ્યું છે. હાલમાં સ્કૂલ અને કોલેજોમાં ઓફલાઈનની સાથે ઓનલાઈન શિક્ષણ પણ ચાલી રહ્યું છે. કોરોનાને કારણે લોકોના ધંધા રોજગાર અને નોકરીઓ ઉપર મોટી અસર થઈ હોવાથી આવકપણ ઓછી થઈ ગઈ છે. આ સ્થિતિમાં રાજ્ય સરકારે ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૨૫ ટકા ફી માફી આપવામાં આવી હતી. પરંતુ આ વર્ષે ફી માફી માટે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. જેથી ઓલ ગુજરાત વાલી મંડળે ૫૦ ટકા ફી માફી માટે હાઈકોર્ટમાં અરજી કરી છે. ઓલ ગુજરાત વાલી મંડળ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં સ્કૂલના વિદ્યાર્થીઓની ૫૦ ટકા ફી માફી માટે અરજી કરવામાં આવી છે. ગત વર્ષે પણ વાલી મંડળ દ્વારા ફી માફી માટે કરવામાં આવી હતી જે બાદ ૨૫ ટકા ફી માફી કરવામાં આવી હતી. ત્યારે આ વર્ષે ૫૦ ટકા ફી માફી માટે જ કરવામાં આવી છે. ત્યારે હાઈકોર્ટ દ્વારા આ મામલે વાલી મંડળની તરફેણમાં ચુકાદો આપવામાં આવે છે તો સ્કૂલોએ અગાઉથી જ લીધેલ ફીની રકમ પરત કરવી પડી શકે છે. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા એ ૨૫ ટકા ફી માંફીની ગત વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી પરંતુ ફી માફી અંગે કોઈ પરીપિત્ર જાહેર કરવામાં આવ્યો નથી. જેના કારણે ખાનગી સ્કૂલો દ્વારા પૂરેપૂરી ફી વસૂલવામાં આવી રહી છે. ત્યારે વાલી મંડળે કરેલ અરજીની અસર સ્કૂલ સંચાલકો ઉપર થઈ શકે છે.

**સરકારે વાલીઓના હિતમાં નિર્ણય લઈ ફી માફી કરવી જોઈએ**

આ અંગે અરજી કરનાર ઓલ ગુજરાત વાલી મંડળના પ્રમુખ નરેશ શાહે જણાવ્યું હતું કે, મે અન્ય વાલીઓના હિતમાં હાઈકોર્ટમાં ૫૦ ટકા ફી માફી માટે કરી છે. અત્યારે ઓનલાઈન અને ઓફલાઈન શિક્ષણ ચાલી રહ્યું છે. સ્કૂલોની ખર્ચા પણ નથી થઈ રહ્યા અને વાલીઓની આર્થિક પરિસ્થિતિ ઉપર પણ અસર પડી છે જેના કારણે સ્કૂલો ૫૦ ટકા ફી માફી કરે તો વાલીઓને રાહત મળશે. સરકારે પણ વાલીઓના હિતમાં નિર્ણય લઈને ફી માફી કરવી જોઈએ.

# પેગાસસ જાસુસી કાંડમાં રાષ્ટ્રીય સુરક્ષા સાથે બાંધછોડ થાય એવું અમે ઈચ્છતા નથી : સુપ્રિમકોર્ટની સરકારને નોટીસ

નવી દિલ્હી તા.૨૦

સુપ્રીમકોર્ટે પેગાસસ જાસૂસી કેસમાં સ્વતંત્ર તપાસ કરાવવાની માંગણી સંબંધીત દાખલ થયેલી રીટ પિટિશન ઉપર સુનાવણી કરી હતી અને કેન્દ્ર સરકારને નોટિસ જારી કરી છે. અદાલતે સ્પષ્ટ કર્યુ છે કે રાષ્ટ્રીય સુરક્ષા સાથે બાંધછોડ થાય એવું અમે ઈચ્છતાં નથી પરંતુ અહીં મુદ્દો અલગ છે. અહીં એવા નાગરિકો છે કે જેઓ સિવિલિયન છે અને તેમાંના કેટલીક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ છે કે જેઓ તેમના ફોનના હેકિંગ કે ટેપિંગની ફરિયાદ કરી રહ્યાં છે. એ વાત સાચી કે નાગરિકોના ફોન ટેપ કરી શકાય એવા નિયમો છે. પરંતુ આવી કાર્યવાહી સક્ષમ સત્તાવાળાઓની મંજૂરીથી જ કરી શકાય. એમાં કંઈ ખોટું નથી. પરંતુ સક્ષમ સત્તાવાળાઓ અમારી સમક્ષ એફિડેવિટ દાખલ કરે તેમાં વાંધો કે સમસ્યા શું છે ? કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, પેગાસાસ વિવાદ ઉપરની પિટિશનોને તેનો જવાબ પર્યાપ્ત છે અને જો તેઓ ઈચ્છતાં હોય કે અદાલતની વિચારણા માટે વધુ માહિતી કે ડેટા રજૂ કરવામાં આવે પરંતુ તે નિષ્ણાંત સમિતિના માધ્યમ દ્વારા જ થવું જોઈએ કે જેથી આ મામલાની સંવેદનશીલતાના સંદર્ભમાં સંપૂર્ણ ગોપનીયતા સુનિશ્ચિત કરી શકાય. સોલિસીટર જનરલ તુષાર મહેતાએ નિષ્ણાંતોની સમિતિની રચના કરવાની કેન્દ્રની તૈયારીઓ હોવાની ભારપૂર્વકની રજૂઆત કરવાનું ચાલુ રાખ્યું હતું. પરંતુ અમારે કોઈ કંઈ છૂપાવવાનું નથી. આ રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દા છે. પરંતુ અમે અદાલત કે આપ નામદારના મોનિટરીંગ હેઠળ તપાસ હાથ ધરનાર નિષ્ણાંત સમક્ષ છૂપાવી શકીએ નહીં. અમે બધું સમિતિ સમક્ષ રજૂ કરીશું. આ મામલો એફિડેવિટ અને જાહેર ચર્ચાની વિષયવસ્તુનો હોઈ શકે નહીં. સોલિસીટર જનરલની આ રજૂઆત ઉપર જસ્ટીસ સૂર્યકાંતે નોંધ્યું હતું કે, પિટિશનરોએ શું કહ્યું છે તેની અમને કોઈ નિસ્બત નથી. અમે રાષ્ટ્રની સુરક્ષા સાથે કોઈ બાંધછોડ કરવા માગતાં નથી. પરંતુ સંરક્ષણ મંત્રાલયે આ બાબતે જે મિકેનિઝમ ઊભું કર્યુ છે તે જાહેર કરવા અમે તમને કહેશું નહીં. પરંતુ અહીં મુદ્દો અલગ છે. અહીં નાગરિકોએ અને કેટલીક જાણીતી વ્યક્તિઓએ ફરિયાદ કરી છે કે તેમના ફોન હેક થઈ રહ્યાં છે અથવા આંતરાવમાં આવી રહ્યાં છે. અમે એફિડેવિટમાં રાષ્ટ્રની સુરક્ષાને લાગેવળગે છે ત્યાં સુધી એક પણ શબ્દ કે પાસુ ઈચ્છતાં નથી. તમને અમારા વતી ખાતરી છે કે આ બાબત પ્રોસિડીંગના પરિક્ષેત્રની બહાર છે. અમે માત્ર એટલું કહીએ છીએ કે અમે આ પિટિશનમાં એક સીમ્પલ નોટિસ ઈસ્યૂ કરીશું અને રૂલ્સ હેઠળ સક્ષમ સત્તાવાળાને (ગૃહ સચિવ) એ નિર્ણય લેવા દો કે કેટલી હદે માહિતી જાહેર કરવાની છે. આ બાબતમાં આગળની કાર્યવાહીમાં અમે જોઈશું કે શું થઈ શકે છે અને શું થઈ શકે તેમ નથી. સોલિસીટર જનરલે રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતા વધુ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આ ટેકનોલોજીનો મામલો છે જેના અંગે સંપૂર્ણ અજાણ છીએ. અહીં તમામ વકીલો તેમની રીતે જવાબદાર વ્યક્તિ છે અને કોઈ પણ આવું ઈચ્છશે નહીં. પરંતુ સરકારને નિષ્ણાંત સમિતિ સમક્ષ એ કહેવામાં કોઈ વાંધો નથી જે આખરે તમારી પાસે આવશે. આ એવા મુદ્દાઓ છે જે અમે ટેકનિકલ સમિતિ સમક્ષ મૂકીશું અને સમિતિ બધું રેકોર્ડ કરશે અને આપ નામદાર સમક્ષ આવશે અને એમાં કશું ખોટું નથી. આ રજૂઆતના સંદર્ભમાં મુખ્ય ન્યાયમૂર્તિ એન.વી. રમન્નાએ નોંધ્યું હતું કે, આ વાત અમે સમજીએ છીએ અમે તમને જે વાત તમે જાહેર કરવા માંગતા નથી તે માટે ફરજ પાડી રહ્યાં નથી. અમે એવું કહેતાં નથી કે તમામ મિનિટ્સ ઉપર તમારે કાઉન્ટર એફિડેવિટ ફાઈલ કરવાનું રહેશે. અમે માત્ર નોટિસ ઈસ્યૂ કરીશું અને પછી તેના આધારે સમિતિ રચવાના પાસામાં તપાસ કરીશું અથવા બીજું શું થઈ શકે તે અંગે વિચારીશું. સીજેઆઈએ જણાવ્યું હતું કે, અમે સત્યશોધક કે તપાસ સમિતિની વિરૂદ્ધ નથી. પરંતુ અહીં એ મુદ્દો નથી. અમે એ જોઈશું કે અમે એ મુદ્દા ઉપર ક્યારે પહોંચીએ છીએ. આ પિટિશનો અત્યારે અમારી સમક્ષ છે અને એડમિશન સ્ટેજ ઉપર છે. અમે વિચાર્યુ હતું કે, સક્ષમ સત્તાધિકારી સર્વગ્રાહી જવાબ આપી શકશે પરંતુ હવે તમે આ એફિડેવિટ દાખલ કર્યુ છે ત્યારે હવે આ બાબતમાં કેવી રીતે આગળ વધવું તે જોઈએ. ત્યારબાદ બેચે નોટિસ ઈસ્યૂ કરીને જણાવ્યું હતુ કે સરકારે એ આક્ષેપોનો જવાબ આપવો જોઈએ કે જેમાં જણાવાયું છે કે ઈઝારાયેલી સ્પાયવેરનો ઉપયોગ અલગ અલગ ફોન ઉપર કરવામાં આવ્યો હતો કે કેમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની પ્રતિક્રિયા મળ્યા બાદ જ તપાસ માટે સમિતિની રચના કરવા ઉપર નિર્ણય લેવાશે.

# સીબીઆઈને સંપૂર્ણપણે સ્વતંત્ર કરો મદ્રાસ હાઈકોર્ટે અનેક નિર્દેશો જારી કર્યા

નવી દિલ્હી તા.૨૦

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ની કામગીરીમાં સુધારો લાવવા અને તેની ''પીંજરાના પોપટ''ની છાપનો અંત લાવવાના પ્રયાસમાં મદ્રાસ હાઈકોર્ટે અનેક નિર્દેશો જારી કર્યા છે. ન્યાયમૂર્તિ એન કિરૂબકરણ અને બી પુગલેન્ધીની ખંડપીઠ દ્વારા આ નિર્દેશો પસાર કરવામાં આવ્યા હતા, જેમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે કેટલાક સંવેદનશીલ કેસોમાં સીબીઆઈ તપાસની માંગણી હોવા છતાં સીબીઆઈ પોતાનું કામ કરવામાં સક્ષમ થઈ શકતી નથી. અન્ય નિર્દેશો વચ્ચે કોર્ટે કેન્દ્ર સરકારને સીબીઆઈને વૈધાનિક દરજ્જો આપવા માટે વહેલી તકે એક અલગ કાયદો ઘડવાનો નિર્દેશ આપ્યો હતો. હાલમાં, સીબીઆઈ ૧૯૪૬ના દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટમાંથી પોતાની સત્તા મેળવે છે અને સીબીઆઈની માન્યતા સુપ્રીમ કોર્ટ સમક્ષ પડકાર હેઠળ છે. કોર્ટે નોંધ્યું છે કે ''સીબીઆઈની સ્વતંત્રતા તેના દ્વારા તપાસવામાં આવેલા કેસોની નિષ્પક્ષ, તટસ્થ, વિશ્વસનીય તપાસ માટે જરૂરી છે. સંવેદનશીલ અને જઘન્ય ગુનાઓમાં સીબીઆઈ તપાસની માંગ તપાસ એજન્સી સાથે જોડાયેલી વિશ્વસનીયતા અને આદરને કારણે દિવસે દિવસે વધી રહી છે. જ્યારે લોકોનો વિશ્વાસ હોય ત્યારે, એ ખૂબ જ દુઃખની વાત છે કે સીબીઆઈ પીછેહઠ કરી રહી છે, જ્યારે પણ સીબીઆઈ તપાસની માંગણી કરવામાં આવે છે ત્યારે એવું કહેવામાં આવે છે કે સીબીઆઈ પાસે ઉપલબ્ધ સંસાધનો અને માનવ શક્તિ ખૂબ જ પ્રતિબંધિત છે અને તેથી તે તપાસ કરી શકતી નથી. અદાલતો સમક્ષ સીબીઆઈનું આ સામાન્ય સ્ટીરિયોટાઈપ વર્ઝન/બચાવ છે.'' સીબીઆઈ પાસે ઉપલબ્ધ સંસાધનો, માનવબળ, તપાસ કુશળતા અને માળખાકીય સુવિધાઓ અંગે કોર્ટના અગાઉના આદેશમાં પંદર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. આ પ્રશ્નો ઉપર સીબીઆઈનો જવાબ મળ્યા બાદ, કોર્ટે સીબીઆઈ અને જનતાના હિતમાં નીચેના નિર્દેશો જારી કર્યા છે :

૧. ભારત સરકારને વહેલામાં વહેલી તકે સીબીઆઈને વધુ સત્તા અને અધિકારક્ષેત્ર સાથે વૈધાનિક દરજ્જો આપતો એક અલગ કાયદો બનાવવા માટે વિચાર કરવા અને નિર્ણય લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કોર્ટે અવલોકન કર્યું કે જ્યારે સીબીઆઈને વૈધાનિક દરજ્જો આપવામાં આવે ત્યારે જ ''સીબીઆઈની સ્વાયત્તતા સુનિશ્ચિત કરવામાં આવશે.''

૨. સીબીઆઈને ભારતના ચૂંટણી પંચ અને ભારતના નિયંત્રક અને ઓડિટર જનરલની જેમ વધુ સ્વતંત્ર બનાવવામાં આવશે.

૩. સીબીઆઈ માટે અલગ બજેટ ફાળવણી કરવામાં આવશે.

૪. સીબીઆઈના ડિરેક્ટરને સરકારના સચિવ તરીકેની સત્તાઓ આપવામાં આવશે અને તે ડીઓપીટીમાંથી પસાર થયા વગર સીધા જ મંત્રી/વડાપ્રધાનને જાણ કરશે. સીબીઆઈ પાસે પૂરતી નાણાંકીય અને વહીવટી સત્તાઓનો અભાવ હોવાની ચિંતાને ધ્યાનમાં રાખીને આ નિર્દેશ જારી કરવામાં આવ્યો હતો.

૫. કેન્દ્ર સરકાર સીબીઆઈને સરકારના વહીવટી નિયંત્રણ વિના કાર્યકારી સ્વાયત્તતા સાથે સ્વતંત્ર બનાવશે.

૬. સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી(CFSL) પાસે વધુ આધુનિક સુવિધાઓ હશે અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન અને યુનાઈટેડ કિંગડમમાં સ્કોટલેન્ડ યાર્ડને ઉપલબ્ધ સુવિધાઓની સમકક્ષ તે વધારવી જોઈએ.

૭. DoPTને નિર્દેશ આપવામાં આવે છે કે ૯ સપ્ટેમ્બર, ૨૦૨૦ના સીબીઆઈ પૂર્નઃગઠન પત્ર(વ્યાપક કેડર સમીક્ષા, સીબીઆઈનું પૂર્નઃગઠન અને વિવિધ રેન્કમાં ૭૩૪ વધારાની જગ્યાઓ બનાવવા માટે) જો જરૂરી હોય તો, અન્ય વિભાગો સાથે પરામર્શ કર્યા પછી આ ઓર્ડરની નકલ પ્રાપ્ત થયાની તારીખથી છ અઠવાડિયામાં આપવું.

૮. સીબીઆઈએ આ ઓર્ડરની નકલ પ્રાપ્ત થયાની તારીખથી છ સપ્તાહની અંદર કાયમી ભરતી માટે (i) સાયબર ફોરેન્સિક નિષ્ણાતો અને (ii) નાણાંકીય ઓડિટ નિષ્ણાંતોની ભરતી માટે નવી વિચારસરણી નીતિ દાખલ કરવી જોઈએ, જેથી તમામ સીબીઆઈની શાખાઓ/પાંખોમાં આ નિષ્ણાંતો તેમની પાસે ઉપલબ્ધ હોવા જોઈએ.

૯. ડીઓપીટીએ સીબીઆઈના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સંબંધિત તમામ બાકી દરખાસ્તોને દૂર કરવી જોઈએ.

૧૦. સીબીઆઈ સાથે જોડાયેલ સીએફએસએલને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ તમામ પેન્ડિંગ કેસોને પૂર્ણ કરવા જોઈએ. તેવી જ રીતે, અન્ય એફએસએલે પણ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ તેમના ફોરેન્સિક અભિપ્રાય પ્રસ્તુત કરવા જોઈએ. કેસોની લાંબી પેન્ડીંગ લિસ્ટનું કારણ સીએફએસએલમાં ભારે પેન્ડન્સી છે, જેના કારણે ફોરેન્સિક પરીક્ષણમાં નિષ્ણાંતોના અભિપ્રાય મેળવવામાં વિલંબ થાય છે. કોર્ટે તેના આદેશમાં કેન્દ્રને એક વર્ષમાં દેશના દરેક ઝોન(દક્ષિણ, ઉત્તર, પૂર્વ, પશ્ચિમ)માં ઓછામાં ઓછા એક CFSLની સ્થાપના કરવા વિનંતી કરી હતી.

૧૧. સીબીઆઈ દ્વારા એક વર્ષથી વધુ સમયથી ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોવા છતાં ટ્રાયલ કોર્ટ દ્વારા આરોપો ઘડવામાં આવ્યા ન હોય તેવા કેસોની વિગતો, હાઈકોર્ટના સંબંધિત રજિસ્ટ્રાર જનરલ સાથે સીબીઆઈના ડિરેક્ટર દ્વારા શેર કરવી જોઈએ.

૧૨. સીબીઆઈએ પોતે જ જવાબમાં જણાવ્યું છે કે, સીબીઆઈએ માનવબળની અછતની મર્યાદામાં કામ કરવાનું છે, ડિરેક્ટર, સીબીઆઈએ વિભાગો/પાંખો તેમજ સીબીઆઈમાં અધિકારીઓની સંખ્યા વધારવા માટે આ ઓર્ડરની નકલ પ્રાપ્ત થયાની તારીખથી છ સપ્તાહના સમયગાળામાં ભારત સરકારને વધુ વિગતવાર દરખાસ્ત મોકલવી જોઈએ. ભારત સરકારે તેની પ્રાપ્તિના ત્રણ મહિનાના સમયગાળા દરમ્યાન તેના ઉપર ઓર્ડર આપવો જોઈએ. આ આદેશ દરમ્યાન, કોર્ટે એ મુદ્દે પણ ભાર મૂક્યો હતો કે સીબીઆઈના અધિકારીઓ અને કર્મચારીઓની સ્વતંત્ર રીતે ભરતી કરવી જોઈએ અને જો જરૂરી હોય તો સીબીઆઈ એકેડેમીમાં તેમજ વિદેશમાં યોગ્ય તાલીમ આપવી જોઈએ. કોર્ટે ઉમેર્યું કે, સાયબર કાયદાના નિષ્ણાંતો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને અન્ય નિષ્ણાંતોને ડેપ્યુટેશન ઉપર લેવાને બદલે તેમને ભરતી કરવા જોઈએ. પોલીસ દળ અને અન્ય દળોના પ્રતિનિધિત્વ ઉપર આધાર રાખવાને બદલે પોતાના અધિકારીઓ દ્વારા કામ કરવું જોઈએ. તેથી, આ સંદર્ભે સીબીઆઈ કેન્દ્ર સરકારને મંજૂરી માટે એક વ્યાપક દરખાસ્ત મોકલશે. જ્યારે સીબીઆઈ દ્વારા તપાસવામાં આવેલા કેસોમાં દોષિતતા દર તેના ડેટા મુજબ ૬૦%થી વધુ હતો, ત્યારે બેન્ચે કહ્યું કે એજન્સીને વધુ સંસાધનો ઉપલબ્ધ કરાવીને આ દર પણ વધારવો જોઈએ.

# આત્મનિર્ભરનો સંદેશ : જાસ્મિન ઉગાડીને મહિલાએ લોકડાઉન દરમ્યાન ૮૫,૦૦૦ રૂપિયાની કમાણી કરી

ચૈન્નઈ તા.૨૦

મેં મારી બાલ્કનીમાં ત્રણ જાસ્મિન છોડને ઉગાડ્યા છે તેની વધુ દેખરેખ રાખું છું. તેની સુગંધ મને જે આનંદ આપે છે તે બહુ આહલાદ્‌ક છે. તેનાથી મન પ્રફુલ્લિત થઈ જાય છે. આ શબ્દો છે કિરણ દેવાડીગા (૩૬) જે મેંગલુરૂમાં વકીલ છે અને જેણે કોરોના કાળના કપરા દિવસોમાં જાસ્મીન ઉગાડીને પોતાનું ગુજરાન ચલાવ્યું હતું. આ જાસ્મીન ઉગાડવાનો તેનો શોખ જેણે હાલમાં નાના વ્યવસાયનું રૂપ લીધું છે તેણે તેનું સંપૂર્ણ જીવન બદલી નાખ્યું છે. કિરણે ગયા વર્ષે માર્ચ મહિનામાં લોકડાઉન દરમ્યાન ઉડુપી જાસ્મિન, જેને શંકરપુરા મલ્લી તરીકે પણ ઓળખવામાં આવે છે તે ઉગાડવાનું શરૂ કર્યુ હતું. જ્યારે જાસ્મિન દેશના જુદા જુદા ભાગોમાં ઉગાડવામાં આવે છે અને તેને વિવિધ નામોથી બોલાવવામાં આવે છે. ઉડુપી જાસ્મિનમાં અપ્રતિમ સુગંધ હોય છે, અને ભૌગોલિક રીતે પણ તે જુદી પડતી આવે છે. ધ બેટર ઈન્ડિયા સાથે વાત કરતા કિરણ કહે છે કે મારી પાસે હંમેશા થોડી જમીન હોય અને તેમાં હુ ખેતી કરૂ તેવી મારી મનની અંદરની ઈચ્છા હતી. જો કે હું શહેરની હોવાથી આ ઈચ્છા ક્યારેય પૂર્ણ ના થઈ શકી. જો કે લોકડાઉન મારા માટે એક વરદાન તરીકે આવ્યું કારણ કે મેં અતિ ઉત્સાહથી ખેતી અને ખેતી સંબંધિત બાબતો વિષે વિચારવાનું શરૂ કર્યું. તે કહે છે કે મેં જ્યારે મારા પતિ અને મારી બહેનને મારી આ ઈચ્છા વિષે જણાવ્યું ત્યારે તેઓ મારા ઉપર હસવા લાગ્યા. મારા પતિએ કહ્યું કે અત્યારે કોવિડની સ્થિતિમાં લોકો ઘણો સંઘર્ષ કરી રહ્યા છે ત્યારે તું ફૂલો ઉગાડવામાં કેમ સમય વિતાવવા માંગે છે. તેમણે મને પૂછ્યું હતું કે એક વકીલ ખેડૂત બનીને શું કરશે ? પરંતુ હું મારા નિર્ણય ઉપર અડગ રહી અને છોડ વિષે વધુ સંશોધન કરવાની શરૂઆત કરી દીધી. જ્યાં ઈચ્છા હોય ત્યાં રસ્તો મળે જ છે. તેણે જાસ્મિન વિષે



ઓનલાઈન માહિતી મેળવી પોતાના ટેરેસનો ઉપયોગ આ છોડ ઉગાડવા કર્યો હતો. લોકડાઉનમાં તેણે પોતાના ઘરના ટેરેસને નર્સરી બનાવવા નર્સરીમાંથી તેણે પ્લાન્ટ માટે કુલ ૩,૧૫૦ રૂપિયાનો ખર્ચ કર્યો જ્યારે ૬૫ રૂપિયામાં પ્લાન્ટસ માટેનો પોટ્સની ખરીદી કરી. લોકડાઉનમાં કોઈની મદદ વગર તમામ પ્લાન્ટસ ટેરેસ ઉપર ચઢાવવા તેમજ તેની દેખરેખ તેમણે જાતે જ કરી હતી. કિરણ કહે છે કે, હું બિનાઅનુભવી હતી મને આ પહેલા જમીનના પ્રકાર, છોડને કેટલા પાણીની જરૂરત છે તેમજ કેવા પ્રકારનું ખાતર કેવા છોડ માટે ઉપયોગ કરવું જેથી તે વિકસિત થઈ શકે આ પ્રકારની કોઈ જ માહિતી નહોતી. હું આ અંગે નવા નિશાળિયા સમાન હતી. આ બધુ યુટ્યુબ ઉપરના વીડિયો જોઈ અને અન્ય માળીઓ સાથે વાતચીત કરીને શીખી. મેં અંદાજે ૧૨,૦૦૦ રૂપિયાના રોકાણ સાથે આ જાસ્મિન છોડ ઉગાડવાની શરૂઆત કરી હતી. જેના વેંચાણથી ૮૫,૦૦૦ રૂપિયાની કમાણી મેં અત્યાર સુધી કરી છે. આ બધુ ખૂબ જ પરિશ્રમ અને મહેનત માંગી લે તેમ છે છતાં મને તેમાં આનંદ મળતો હોવાથી મેં આ કાર્યની શરૂઆત કરી હતી. કોવિડની સ્થિતિએ જ મને આ કાર્યની પ્રેરણા આપી છે.

# સમાન નાગરિક સંહિતા બધાના હિતમાં

અદાલતે એક વખત ફરી સરકારને સમાન નાગરિક સંહિતા એટલે કે યુસીસી લાગુ કરવાનો આગ્રહ કર્યો છે. દિલ્હી હાઈકોર્ટ તેને હાલના સમયની જરૂરિયાત ગણાવી છે, જેથી આપણો સમાજ અને વધુ સમરસ થઈ શકે અને તેમાં એક જુટતા વધી શકે. બંધારણના અનુચ્છેદ ૪૪ સૌથી વધુ દુષ્પ્રચારિત હિસ્સામાંથી એક છે. તેની સાથે બહુ અન્યાય થયો છે. તેમાં દેશના તમામ નાગરિકો માટે એક જેવો કાયદો બનાવવાની વાત કહેવામાં આવી છે. સરકાર પાસે અપેક્ષા રાખવામાં આવી કે તે પંથ, ક્ષેત્ર, ભાષા વગેરે ભાગલા કરનારા આધારોની પરવા કર્યા વગર તમામ માટે એક જેવો કાયદો બનાવે. એવી વ્યવસ્થા બનાવે, જે માનવીય ગરિમાનું સન્માન કરતી હોય, તેને સુરક્ષા બોધ આપે અને સભ્ય સમાજના માપદંડો ઉપર ખરી ઉતરે. દુર્ભાગ્યે અનુચ્છેદ ૪૪ની આ પવીત્ર દાનતને આગળ વધારવાને બદલે આપણે આપણી ટેવ અનુસાર એક વિરોધ ઊભો કરી દીધો. તેના પર તાર્કિક ચર્ચા કરવાને બદલે તાને સાંપ્રદાયિક રૂપ આપીને અછૂત બનાવી દીધી. સુપ્રીમ કોર્ટનો આગ્રહ બેકાર ગયો. આ મામલે તો આપણે લોકશાહીની મહાન પરંપરાઓથી પણ મોં ફેરવી રહ્યા છીએ. આ વિષય ઉપર સ્વસ્થ ચર્ચા કરવાને બદલે તેના પ્રસ્તાવકોની જ ખોદણી કરવામાં આવે છે. અને તેને ત્યાં સુધી ચાલુ રાખવામાં આવે છે. જ્યાં સુધી સામેવાળો થાકી-હારીને બેસી ન જાય. બંધારણ નિર્માતાઓએ અનુભવ્યું કે વિવાહ અને ભરણ-પોષણથી જોડાયેલા કેસોનો સંબંધ કોઈ ઉપાસના પધ્ધતિ કે ધર્મ સાથે નથી. બલ્કે તેનો સંબંધ માનવતા સાથે છે. નિઃસંતાન વ્યકિત જો કોઈ બાળકને દતક લઈને પોતાની વંશ પરંપરાને આગળ વધારવા માંગે અથવા તેનાથી તેને સુરક્ષા બોધનો અહેસાસ થાય છે. તો તેનાથી કોઈ ઉપાસના પધ્ધતિની અવમાનના કેવી રીતે થઈ જાય ? જો કોઈ કાયદાથી કોઈ મહિલાને સામાજીક સુરક્ષા મળે છે. કે પછી અલગ થયા બાદ તેને ઠેરઠેર ભટકવાને બદલે ગુજારા-ભથ્થાની વ્યવસ્થા કરવામાં આવે છે. તો તેમાં મજહબ ક્યાં આડે આવે છે તો તેનાથી કોઈપણ સભ્ય સમાજને શરમ નહી, પરંતુ ગર્વ હોવો જોઈએ. આઝાદી બાદ હિંદુ વિધિમાં વ્યાપક પરિવર્તન કરવામાં આવ્યા. પહેલા પુરૂષ એકથી વધારે લગ્નો કરી શકતો હતો, પરંતુ હિંદુ વિવાહ અધિનિયમ દ્વારા તેના ઉપર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો. પતિ-પત્નીના વિવાહ વિચ્છેદ કરીને સન્માનપૂર્વક એકબીજાથી અલગ રહેવાનો અધિકાર આપવામાં આવ્યો. મહિલાઓની આર્થિક સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેમને ભરણ-પોષણથી અધિકાર આપવાની પરંપરા શરૂઆત થઈ. સંતાનને દતક લેવા મામલે પણ પતિના એકાધિકારને તોડતાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવાની કોષીશ કરવામાં આવી. હિંદુ કાયદામાં કરવામાં આવેલ સુધારા વધારામાં પારંપારિક વિધિની જગ્યાએ માનાધિકારો અને સમાનતાના સિધ્ધાતોને પ્રાથમિકતા આપવામાં આવી. પરંતુ વોટબેંક નારાજ થઈ જવાની સ્વાર્થી માનસિકતાને કારણે બીજી જગ્યાએ આવું ન થઈ શક્યુ. તેમને બહેતર બનવાની તકોથી સતાત વંચિત રાખવામાં આવ્યા. બંધારણનો અનુચ્છે ૪૪ અને અદાલતના કેટલાય નિર્દેશ પણ આ વિચાર ઉપર બેઅસર રહ્યા. આધુનિક માનસીકતાનો લાભ ફકત હિંદુઓ સુધી જ સીમિત ન રહે અને તે બીજા ધર્માવલંબીઓને પણ મળે, તેના માટે અદાલતો સતત કોશિશ કરતી રહી છે. મોહમદ અહમદ ખાન વિરૂધ્ધ શાહબાનો (૧૯૮૫) કેસમાં સુપ્રીમ કોર્ટ એના ઉપર ચિંતા વ્યક્ત કરતાં કહ્યુ હતુ કે એ એક ખેદનો વિષય છે કે બંધારણના અનુચ્છેદ ૪૪માં નક્કી કરવામાં આવેલી રાજયની જવાબદારી હવે નિર્જીવ શબ્દ સમૂહોનો સંગ્રહ માત્ર બની ગઈ છે. સરકારી ઉપેક્ષાને ધ્યાનમાં રાખતાં અદાલતે કહ્યુ હતુ કે મુસ્લિમ સમાજે આ મામલે પહેલ કરવાની જરૂર છે, જેથી પ્રગતિની દોડમાં તે બીજાથી પાછળ ન રહી જાય. આશ્ચર્યની વાત એ છે કે શાહબાનોના જે કેસમાં સુપ્રીમ કોર્ટે લોકોને આ દિશામાં આગળ વધવાનું આહ્વાન કંર્યુ, તેના દુષ્પ્રચારે સૌથી વધુ આઘાત સમાન નાગિરક સહિતાની પહેલને પહોચાડ્યો. શાહબાનો પ્રકરણ બાદ સરલા મુદ્દ્‌ગલ (૧૯૯૫) તથા લિલિ થોમસ (૨૦૦૦) જેવા કેટલાય પ્રકરણોમાં સર્વોચ્ચ અદાલતે સમાન નાગરિક કાયદો નહિ હોવાના દોષોને ઉજાગર કરતાં તેનું તરત ક્રિયાન્વયન કરવાનો નિર્દેશ આપ્યો. વૈવાહિક મામલે વૈયકિતક કાયદાના દુરરૂપયોગથી વિચલિત થઈને અદાલતે કહ્યું કે હવે તે તેનો દુરઉપયોગ કાયદાને ધોખા આપવા માટે થવા લાગ્યો છે. જ્યારે વૈવાહિક સાથીથી છૂટકારો મેળવવો હોય તો થોડા સમય માટે પોતાનો મજહબ બદલીને બીજા લગ્ન કરી લીધા, કારણ કે બીજા મજહબના કાયદામાં તેને માન્યતા આપવામાં આવી છે. ત્યારબાદ પોતાની મરજીથી તલાક આપીને એ મહિલાથી છૂટકારો મેળવી લીધો, કારણ કે એ મજહબનો કાયદો તેની પરવાનગી આપે છે. સુપ્રીમ કોર્ટ અને બીજા વિદ્વાનોએ આ ખામી તરફ વારંવાર ઈસારો કર્યો, પરંતુ આપણા રાજકિય નેતૃત્વ ઉપર તેની કોઈ અસર ન પડી. તેથી મામલો ઠેરનો ઠેર રહ્યો, કારણ કે તેઓ શાહબાનો પ્રકરણથી દૂધથી દાઝયા હતા અને વિદ્વાનોએ પણ તેની વકીલાત કરી છે. ન્યાયમૂર્તિ મુહંમદ કરીમ છાગલાએ મોતીલાલ નેહરૂ વ્યાખ્યાનમાળામાં પ્રોફેસર તાહિર મહમૂદે પોતાના પુસ્તક 'મુસ્લિમ પર્સનલ લો' (૧૯૭૭) માં તથા ન્યાયમૂર્તિ એમ.યુ.બેગે 'ઈમપેકટ ઓફ સેક્યુલરિઝમ' (૧૯૭૩) માં પણ બંધારણના અનુચ્છેદ ૪૪ને અમલમાં મૂકવાનું આહ્વાન કર્યુ, પરંતુ શાહબાનો પ્રકરણના દુઃસ્વપ્રનાથી હજુ પણ કોઈ બહાર આવવા તૈયાર નથી. સમાજના વ્યાપક હિતોને ધ્યાનમાં રાખતાં પંથનિરપેક્ષ હિતચિંતકોએ આગળ વધીને આ દિશામાં પહેલ કરવાની જરૂર છે, જેથી આપણે એક પ્રગતિશીલ સમાજ રૂપે એકજુટ થઈ શકીએ અને મજબુત ભારત બનાવી શકીએ.

# ગીરનારની ગોદમાંથી આગામી તા.૨૫ને બુધવારે પાંચ દિવસની કરણી યાત્રાનો થશે પ્રારંભ

## બહોળા પ્રમાણમાં લોકો કરણીજીનાં પદપૂજન માટે ગીરનારથી યાત્રામાં જોડાશે : રાજસ્થાનનાં વિવિધ સ્થળોએ આઈશ્રી દેવલમાં યાત્રા કરીને ભક્તોને ભાવવિભોર કરશે














જૂનાગઢ તા. ૨૦

આગામી તા.૨૫ ને બુધવારનાં રોજ ગીરનારની ગોદમાં આવેલા બલીયાવડથી પાંચ દિવસની કરણી યાત્રાનો પ્રારંભ થનાર છે. દેવલમાં બહોળી સંખ્યામાં ભક્તો સાથે રાજસ્થાનના વિવિધ ધાર્મિક સ્થળોએ યાત્રા કરશે અને ભક્તગણોનેદર્શનનો લાભદઈને ભાવવિભોર કરશે. રાજસ્થાનની યાત્રામાં ભાદ્રેશ (ઈશરદાસજી) તેમડેરાય (આવળમાં), ભાદરીયારાય (આવળમાં), ગડીયાલાધામ (કરણીમાં), દેશનોક (કરણીમાં), બહુચરાજી સહિતનાં તિર્થધામ ઉપર દેવલમાં યાત્રા કરશે. આ પાંચ દિવસની યાત્રાની વધુ વિગત જોઈએ તો આગામી બુધવાર ને તા.૨૫ નાં રોજ સવારે ૯:૨૧ મીનીટે જૂનાગઢનાં બલીયાવડથી માતાજી યાત્રા માટે પ્રસ્થાન કરશે અને બહોળી સંખ્યામાં વધુ ભક્તો પણ આ યાત્રામાં જોડાશે. સવારે ૧૧ વાગ્યે રાજકોટ પહોંચશે. જ્યાં ભકતજનો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

ત્યાંથી ૧ વાગ્યે મોરબી પહોંચશે. ત્યારબાદ લાકઠીયા, સૂઈગામ અને સાંજે ૭ વાગ્યે સૂહાગી પહોંચશે. જ્યાં રાત્રી પ્રસાદનું તેમજ વિશ્રામની વ્યવસ્થા રાખવામાં આવી છે. યાત્રાનાં બીજા દિવસે તા.૨૬ ને ગુરૂવારનાં રોજ સૂહાગીથી તેમડેરાયની યાત્રા શરૂ થશે. જેમાં સવારે ૭ વાગ્યે સૂહાગીથી પ્રસ્થાન કરીને સાતા, ઓહટન, બાડમેર થઈને૧૨ વાગ્યે ભાદ્રેશ પહોંચશે.

જ્યાં મહાઆરતી તેમજ મહાપ્રસાદનુંઆયોજન કરાયુંછે. ત્યારબાદ સુરા, દુદાબેરી, બલેવા, હરસાણી, ઝાકલી, ફતેહગઢ, સાંગડ, સુમલી આઈથી થઈને સાંજે ૬:૧૫ વાગ્યે તેમડેરાય પહોંચશે. જ્યાં આવળમાંની મહાઆરતી કરાશે અને મહાપ્રસાદ તેમજ વિશ્રામની વ્યવસ્થા કરવામાં આવી છે. યાત્રાનાં ત્રીજા દિવસે તા.૨૭ નાં રોજ સવારે ૮ વાગ્યે તેમડેરાયથી પ્રસ્થાન કરીને જેસલમેર પહોંચશે. જ્યાં પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે. જેસલમેરથી ભાદરીયારાય, ગડીયાલા, બિકાનેર થઈને સાંજે ૫:૩૦ કલાકે દેશનોક પહોંચશે, જ્યાં માં કરણીની મહાઆરતી કરાશે તેમજ રાત્રી વિશ્રામ પણ ત્યાંજ કરાશે. યાત્રાનાં ચોથા દિવસે તા.૨૮ ને શનિવારનાં રોજ દેશનોકથી સવારે ૭ વાગ્યે પ્રસ્થાન કરીને નોખા, જોધપુર થઈને બપોરે ૧ વાગ્યે બાસની પહોંચશે. જ્યાં મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યાંથી સિરોહી થઈને પાલનપુર પહોંચશે. યાત્રાનાં પાંચમાં દિવસે સવારે ૮ વાગ્યાથી પાલનપુરથી પ્રસ્થાન કરીને ૧૦ વાગ્યે બહુચરાજી પહોંચશે. જ્યાં મહાઆરતી યોજાશે. ત્યાંથી માતાજી જૂનાગઢનાં બલીયાવડ ખાતે આવવા પ્રસ્થાન કરશે અને ગીરનારના માતાજી દેવલમાંના આશ્રમ ખાતે માતાજીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે તેમજ સામૈયા કરવામાં આવશે.

આ પાંચ દિવસની કરણીયાત્રામાં માતાજી અનેક જગ્યાએ પોતાના ભાવિક ભકતોને દર્શનનો લાભ આપી ભાવવિભોર કરશે. આ યાત્રા દરમ્યાન દર્શનલાભાર્થી ભક્તો યાત્રાનાં નજીકનાં સ્થળે આવીને માતાજીનાં દર્શનનો લાભ લઈ શકશે. માતાજીની આ યાત્રામાં લ્હાવો લેવા તેમજ માંના આશિર્વાદ મેળવવા માટે બહોળી સંખ્યામાં આઈભક્તો જોડાવવાના છે. તેમજ યાત્રાનાં રૂટ ઉપર જેવા કે, સૂહાગી, તેમડેરાય, દેશનોક, સિરોહી આ ચાર જગ્યાએ ભવ્યાતીભવ્ય કરણીજીનું સંધ્યા પૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કરણીજીનાં પદ પૂજન માટે ગીરનારથી નિકળનાર આ યાત્રામાં આઈ ભક્તો જોડાશે. એક ગુજરાતી દૂહોછે કે, માંતારૂં દર્શન દુર્લભ છે અનેતારા દર્શનથી અમારા દુઃખ ભાગે છે. અરજ કરીને માંને શીશ નમાવી છીએ અને એજ ધન ભાગ્ય આજ આપણા સૌના છે. આ ધનભાગ્યનો લાભ લઈ માતાજીનાં દર્શન માટે સૌ કોઈને આવવા અનુરોધ છે અને આ દુનિયામાંથી મોટું કોઈ નથી. પછી ભલેનેહોય જળ ધર કે જગદીશ, માંને સૌ કોઈ નમાવે શીશ. આ પાંચ દિવસની યાત્રામાં જોડાવા માટે સૌ કોઈભક્તોને આમંત્રણ છે.

### કરણીજી મહારાજનું સંધ્યા પૂજન

પાંચ દિવસીય યાત્રા દરમિયાન યાત્રાના રૂટમાં આવનાર સૂહાગી, તેમડેરાય, દેશનોક નેસિરોહી ખાતે આઈશ્રી કરણીજી મહારાજનું સંધ્યાપૂજન આઈશ્રી દેવલમાંનાં કરકમલો દ્વારા કરવામાં આવશે. ભવ્યાતિભવ્ય સંધ્યા પૂજનનાં દર્શનનો લ્હાવોલેવા ભાવિકોમાં અનેરો ઉત્સાહ ઉઠી રહ્યો છે.

### રાજકોટ ખાતે ભવ્ય સ્વાગત સામૈયા વાંક પરિવારનાં આંગણે

રાજકોટ તા. ૨૫ નાં સવારે ૧૦ વાગ્યે આઈશ્રી દેવલમાં પધારવાના છે. શ્રી ક્રિષ્ના ગૌશાળામવડી પાળરોડટીલાળા ચોક ખાતે સ્વ.રામસુરભાઈ ગોરાભાઈ વાંક, સ્વ. બાબુભાઈ રામસુરભાઈ વાંક, સ્વ.બટુકભાઈ રામસુરભાઈ વાંક પરિવાર દ્વારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ ચારણ સમાજની અનેક સંસ્થાઓ દ્વારા આઈશ્રી દેવલમાંનું સ્વાગત સામૈયાની તડામાર તૈયારી કરવામાં આવી રહી છે.

# બરોડામાં ખાનકાહે એહલે સુન્નતના તાજીયાની ૧૯૩૫ થી સ્થાપના થાય છે



બરોડા તા. ૨૦

ખાનકાહે એહલે સુન્નત બરોડાનો તાજીયો હઝરત અઝીમે મિલ્લત સૈયદ અઝીમુદીન મહેમુદ નુરૂલ્લાહ જીલાની યુલ કાદરી બાબાના પૂર્વજો ઈ.સ. ૧૯૩૫ થી તાજીયાની સ્થાપના કરવામાં આવતી હતી. ત્યારબાદ સનો ૧૯૪૮થી હઝરત અઝીમે મિલ્લત દ્વારા ખાટકીવાડમાં ગૌષિયા મસ્જીદ પાસે તાજીયાની સ્થાપના કરવામાં આવતી હતી. ત્યારબાદ અઝીમે મિલ્લતના વિસાલ પછી તેમના પુત્ર હઝરત સૈયદ મોઈનુદીન બાબા એજ સ્થળે તાજીયાની સ્થાપના કરે છે. આ તાજીયાને ઠંડોકરવામાં આવતો નથી પરંતુ ગૌષિયા કબ્રસ્તાનમાં બનાવેલ ઈમામવાડામાં મુકી દેવામાં આવે છે. આ તાજીયો મોઈનુલહકક ગુલાબ ફરીદ મકરાણીએ બનાવેલ છે.

## માંગરોળના દરજી કામ કરતા પિતાના સંતાન

# ડો.સચિન પીઠડીયાએ જીપીએસસી વર્ગ-૨ ની પરિક્ષા ઉત્તીર્ણ કરી




માંગરોળ તા.૨૦

જૂનાગઢ જીલ્લાના માંગરોળના વતની ઉષાબેન અને જયંતિલાલ પીઠડીયાના પુત્ર ડો.સચિન જે. પીઠડીયા એ વર્ષ ૨૦૨૧ માં ગાંધીનગરથી લેવાતી સૌથી કઠીન ગણાતી જી.પી.એસ.સી વર્ગ-૨ અધિકારી તરીકે ગવર્મેન્ટ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસરનીપરીક્ષા સમાજશાસ્ત્ર વિષયમાં ઉત્તીર્ણ થયા છર્ માંગરોળ જેવા અંતરિયાળ વિસ્તારમાં સામાન્ય પરિવાર માં પિતા દરજી કામ કરતા હતાં અને માતા પ્રાઈવેટ સ્કૂલમાં ટીચર હતા. બાળકોને ટયુશન કરાવીને પુત્રના ભણવાની ફી ભરતા હતા.પિતા સાયકલ લઈને દુકાને જતા તે દુઃખ મારાથી જોવાતું ન હતું તેને એક દિવસ ફોર વ્હીલરમાં બેસાડવાનું સપનું જોયેલું આવી પરિસ્થિતિમાં પરિવારમાં આર્થિક મુશ્કેલી વચ્ચે અડગ મનોબળ ધૈર્ય, હિંમત થી ધોરણ એક થી M.A , M.Phil , Ph.D, NET, G.SET ,GPSC claas 2 સુધીની સફર પુરી કરી છે.

આ તકે તા.૯ / ૮/ ૨૦૨૧ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સમાજશાસ્ત્ર ભવન રાજકોટ મુકામે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો.નિતીનકુમાર પેથાણી, ઉપકુલપતિ ડો.વિજય દેસાણી, ડો.પ્રો. ભરતભાઈ રામાનુજ, ડો.પ્રો. નિકેશ શાહ, સમાજશાસ્ત્ર ભવનના અધ્યક્ષ પ્રો.ડો. જયશ્રીબેન નાયકના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ભવનના પ્રો.ડો.ભરતભાઈ ખેર, પ્રો.ડો.રાકેશભાઈ ભેદીએ વિશેષ પ્રોત્સાહન પુરૂં પાડયું હતુ.

આમ આ સફરમાં અનેક મુશ્કેલીઓ વચ્ચે બે માની ગરજ પુરી પાડે તેવા ભરતમામા, પ્રકાશમામા અને કમલમામા ખુબજ સામાજિક અને આર્થિક મદદ મળી. બહેન દિપ્તી પીઠડીયાએ ભણવા પ્રત્યે ખૂબ પ્રોત્સાહન આપ્યુ. કોલેજ કાળમાં શારદાગ્રામ કોલેજ માંગરોળના પ્રી.પ્રો.ડો એચ.ડી ઝણકાટ, પ્રો.ડો. સોસાસર, પ્રો.ડો રમેશ મહેતા, પ્રો.ડો. સતીષ દવે, પ્રો.ડો.સોલંકી, પ્રો.ડો.ઉપાધ્યાય, પ્રો.ડો. ચાવ્હલા સહિત તમામ પ્રોફેસરો પાસેથી પરિક્ષા લક્ષી ખુબજ શ્રેષ્ઠ માર્ગદર્શન મળી રહ્યુ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સમાજશાસ્ત્ર ભવનના હેડ સ્વર્ગસ્થ પ્રો. ડો. હરેશ ઝાલા પાસેથી વિષય સંદર્ભે ખૂબ ઉપયોગી માર્ગદર્શન મળ્યું ઉપરાંત પ્રર્વતમાન હેડ પ્રો.ડો.જયશ્રીબેન નાયક, પ્રો.ડો.ભરતભાઈ ખેર, પ્રો.ડો.રાકેશભાઈ ભેદી પણ વિષયસંદર્ભે અમોને માર્ગદર્શન કર્યા. આ તકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવનના પ્રોફેસર જયદીપસિહ ડોડીયા, પ્રો. ડો.ભૂપેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ એન.પી. આર્ટસ કોલેજ અમદાવાદ, યુ ટ્યુબ ઓનલાઈન એન.ડી.સીના કેરીયર એકસપર્ટ જયેશભાઈ વાઘેલા જામનગર, પ્રોફેસર નિલેશભાઈ બી. સેતા-ભાવનગર, પ્રોફેસર યોગેશભાઈ ચાડસણીયા-ઉમરપાડા, પ્રોફેસર શૈલેષભાઈ ડી. કાનાણીરાપર, ખુશ્બુવાળા અમદાવાદ, પ્રા.સંદિપ સાંચલા કઠલાલ જિ-ખેડા ડો.પંકજકુમાર મુછડીયા રાજકોટ આ તમામ પ્રોફેસરો અને મીત્રો પાસેથી પરિક્ષાની તૈયારી માટે માર્ગદર્શન પ્રાપ્ત થયુ. મારી આ સફળતા બદલ તમામ કુટુંબીજનો અનેમિત્રોનો આ તકે આભાર વ્યકત કરૂં છું.

પ્રાથમિકમાધ્યમિક શિક્ષણ માંગરોળની યુ.એમ.કે. તિરૂપતિ હાઈસ્કૂલમાં મેળવ્યું છે. તે બાદ ધોરણ ૧૧- ૧૨ કે.કા. શાસ્ત્રીમાં અભ્યાસ સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ભાગ લીધો.

એમ. એન. કંપાણી કોલેજમાં સમાજશાસ્ત્ર વિષયમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસ સાથે રાજ્ય પ્રદેશ કક્ષા સુધી વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ નબંર મેળવેલ. કોલેજ કાળ દરમ્યાન સમાજશાસ્ત્ર અને સ્પર્ધાત્મક પરીક્ષા વિશે ઉડી સમજ ઉભી થાય અને પ્રોફેસર બનવાનું સપનું ત્યાંથી જોયુ ત્યાર બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સમાજશાસ્ત્રમાં ભવનપ્રો ડો. ભરત ભાઈ ખેરના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૧૪ એમ.ફીલ પૂર્ણ કર્યુ અને ૨૦૧૬માં પી.એચ.ડી.માં પ્રવેશ મેળવ્યો ત્યારબાદ રાષ્ટ્રીય કક્ષાની **National Eligibility Test** (નેટ) અને ગુજરાત **Eligibility Test**(જી સેટ) બંને પરિક્ષા વર્ષ ૨૦૧૮માં ઉતીર્ણ કરી.ત્યાર બાદ જી.પી.એસ.સી વર્ગ-૨ ની પ્રીલીમરી પરીક્ષા વર્ષ ૨૦૧૯ પાસ કરી, વર્ષ ૨૦૨૦માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી પ્રિન્સપાલ એચ. ડી. ઝણકાટના માર્ગદર્શન હેઠળ પી.એચ.ડી ની ડિગ્રી મેળવી.વર્ષ ૨૦૨૧ માં જી.પી.એસ.સી વર્ગ-૨ ગવર્મેન્ટ કોલેજના આસીસ્ટન્ટ પ્રોફેસરની પરિક્ષા સમાજશાસ્ત્ર વિષયમાં ઉત્તીર્ણ કરી છે.

# ડો.મફત ઓઝાનાં કાવ્ય 'મા' નો રસાસ્વાદ..

**હે મા..., અષાઢ**
**મારામાં એવો ઝળુંબ્યો છે કે –**
**આખેઆખું આકાશ વરસી પડશે હમણાં.**

**વહેતી નદીઓ થીજી ગઈ છે મારી નસોમાં**
**ધીમેધીમે મંદમંદ વરસે પોષ–**
**જળધારામાંથી ટપકતાં ટપ..ટપ બિન્દુઓની**
**શીતળતા ઓઢી પોઢી ગયો છું શિવલિંગ બની –**

**ફૂલોથી લચેલાં વૃક્ષો**
**અઢળક ઢળ્યાં છે ભારથી–**
**મારાંમાં વનનાં વનો અવળસવળ લચ્યાં છે મહેકથી.**

**ડમરીઓ પર ડમરીઓ ચડે છે**
**ને પછી ભરતી પરે ચડે ભરતી ને પછી ફીણફીણ..**
**કિનારે છવાઈ જાઉં છું ક્ષણક્ષણ –**

**ભૂરા રંગમાં ઓગળી જતા**
**પંખીઓના ટહુકાઓ સાંભળું છું ને..**
**ડૂબી જાઉં છું તારી યાદમાં એ મા...**
**– ડો. મફત ઓઝા..**

જેના અવતારગર્ભમાં બ્રહમના પંચ તત્વ સાકારિત થતાં હોય. એ "મા"ના સાન્નિધ્ય અભાવનો ચીર ઉદ્‌ગાર "હે મા" જળ-થળને અવકાશી તત્વોમાં ગુંજી, એક સંવેદનશીલ વિરહી કવિમાં કેવો થીજી ડૂબી જતો હોય છે! એનું આદ્ર પ્રવાહિત વર્ણન ઉપરોક્ત કાવ્યમાં ડો.મફત ઓઝા કરે છે.

**"હે મા.., અષાઢ**
**મારામાં એવો ઝળુંબ્યો છે કે–**
**આખેઆખું આકાશ વરસી પડશે હમણાં.**

પંચ તત્વની લીલાને જ પ્રાકૃતિક પ્રતીકોમાં દર્શાવતું આ કાવ્ય પાંચ લઘુ ખંડમાં વહેંચાયેલું છે. પ્રત્યેક ખંડ વિયોગી માની અનુભૂતિઓને ભિન્નવિભિન્ન પ્રતીકોમાં વણીને જ આપણને ય ઓઢાડે છે.

ઉપરોક્ત પ્રથમ ત્રણ પંક્તિઓમાં માની યાદમાં જ ગોરંભાતું અષાઢી આકાશ, સ્વયં કવિની જ દ્રષ્ટિમાં ઘેરાઈ ચોધાર એમ વરસી પડે છે કે જાણે આખેઆખું અનરાધાર આકાશી વૃત્ત ન વરસી પડતું હોય!

**"વહેતી નદીઓ થીજી ગઈ છે મારી નસોમાં**
**ધીમેધીમે મંદમંદ વરસે પોષ –**
**જળધારામાંથી ટપકતાં ટપ..ટપ બિંદુઓની**
**શીતળતા ઓઢી પોઢી ગયો છું શિવલિંગ બની."**

અષાઢી અનરાધાર અશ્રુહેલીથી અપાર વહેતી નદીઓ સ્વયં કવિની નસનસમાં માની યાદમાં હવે થીજી ગઈ છે.હવે અષાઢનું જ પોષમાં પરિવર્તન થતાં કવિમાં જ એ પોષ ઓગળી મંદમંદ ધીમીધીમી જળધારે ટપ-ટપ કરતા ભીતર-બ્હાર ટપકી પડેછે..જેની શીતળતા જ હવે આ કવિનું ઓઢણ બની જાય છે.આમે આ માત્રુભક્ત થીજીને અન્ય સ્વરૂપે નહીં પણ શિવલીંગસ્થ થાય છે..આ તબક્કે રાજેન્દ્ર શુક્લની બારમાસી ગઝલનો આ શેર યાદ આવે ખરો.

**"પોષ શિશિરની રજાઈ ઓઢી.**
**એક અમે થરથરતા સાજન."**

-રાજેન્દ્ર શુકલ..

આમે એક જ તત્વનું સ્મરણ ચિરંતન બારમાસી થતું હોય છે.જે ફકત "મા"નું જ હોય છે. નાભિ અવિભાજ્યતાથી સંકલિત એ તત્વ ૠતુઓનાં રૂપાંતરણે જ હવે કાવ્યના ત્રીજા બંધમાં કવિમાં વાસંતી પુષ્પ સૌંદર્ય ખિલાવી વનઉપવનનાં જ વ્રુક્ષત્વમાં મહેકી લોળલોળ ઝૂલી, લચી રહ્યું છે.માત્રુ સ્મરણ-ભક્તિનો અનેરો આવો વસંતોત્સવ માણીએ .

**"ફૂલોથી લચેલાં વૃક્ષો**
**અઢળક ઢળ્યાં છે ભારથી**
**મારાંમાં વનનાં વનો અવળસવળ**
**લચ્યાં છે મહેકથી."**

પ્રથમ ઊઘાડે અષાઢી અનરાધાર વૃષ્ટિ પશ્ચાત કવિમાં વહી-થીજી જતી નદી ધારાઓ ચોથા બંધમાં એ સ્મરણનાં કિનારે ભરતી પર ભરતીનું અસહ્ય વાતાવરણ ખડું કરે છે. તે પૂર્વે કવિનું આંતર મન વીતકની ધૂળ ડમરીઓમાં ચકરાય છે.પરંતું એ સ્મરણની ભરતીઓ અંતે સ્વયં કવિમાં જ કિનારે ક્ષણક્ષણ ફીણફીણમાં ફીણાઈ પથરાઈ જાય છે!

**"ડમરીઓ પર ડમરીઓ ચડે છે**
**ને પછી ભરતી પરે ચડે ભરતી ને પછી**
**ફીણફીણ કિનારે છવાઈ જાઉં છું ક્ષણ ક્ષણ. "**

માની યાદમાં કવિનું જળધારામાંથી પુષ્પત્વ પામી ને પછી કિનારે ક્ષણે ક્ષણ ફીણાઈ પથરાઈ જવું, અંતે પુનઃ આકાશી ભૂરાશમાં ઓગળી જતાં આત્મપંખીના ટહુકે અનંત વિહારે ઊડતી માના જ હોવાપણાંમાં ડૂબી કેવું પ્રશાંત થઈ જાય છે!

**"ભૂરા રંગમાં ઓગળી જતાં**
**પંખીઓના ટહુકાઓને સાંભળું છું ને**
**ડૂબી જાઉં છું તારી યાદમાં એ મા.."**

તાદર્થ્ય માસિકના આદ્ય તંત્રીશ્રી ડો. મફત ભાઈની જ સાહિત્યિક ચૈતન્ય પરંપરાને જાળવતા સવિતાબેન તથા પૂર્વી ઓઝાએ મારી માત્રુ ગઝલનો વિશેષાંક પ્રગટ કરી મને ઉપકૃત કર્યો છે.

**સતીન દેસાઈ 'પરવેઝ' દીપ્તિ 'ગુરૂ'**
એ/૩ અભિલાષા ફલેટ, પારિજાત સોસાયટી પાસે,
પાલડી, અમદાવાદ. ૭ (મો. ૯૪૨૮૯૦૭૭૭૫)

# જૂનાગઢ સહીત સોરઠ પંથકમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાની જન આર્શિવાદ યાત્રા (રોડ-શો)ને વ્યાપક આવકાર

## જૂનાગઢ ખાતે યોજાયેલી પત્રકાર પરીષદમાં ઉદબોધન : કોવીડ મેનેજમેન્ટમાં ભારતનું પ્રદર્શન શ્રેષ્ઠ છે : મનસુખ માંડવીયા



જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રભરમાં વિવિધ વિસ્તારોમાં કેન્દ્રીય અને આરોગ્ય પરીવાર કલ્યાણ અને રસાયણ ખાતર વિભાગનાંમંત્રી મનસુખ માંડવીયાનો રોડ શો સફળ રીતે યોજવામાં આવી રહેલ છે. અને જન આર્શિવાદ યાત્રાનો વ્યાપક આવકાર મળી રહયો છે. જયારે ગઈકાલથી સોરઠ પંથકમાં આ બહુ ચર્ચીત યાત્રા પ્રવેશી હતી અને જેનું શાનદાર સ્વાગત કરવામાં આવેલ હતું. ભાજપનાં નાનાથી લઈ મોટા કાર્યકરોનો કાફલો સતત તેમની સાથે રહયો છે. આજે માં અંબાજીનાં દર્શનનો લાભ લઈ અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા જૂનાગઢ ખાતે સરોવર પોર્ટીકો ખાતે એક પત્રકાર પરીષદ યોજી હતી. આ પત્રકાર પરીષદમાં માહિતી આપતા જણાવ્યું હતું કે કોરોનાકાળમાં જે દિર્ઘદ્રષ્ટીથી અને આયોજનબધ્ધ રીતે કોવીડ અંગેનું મેનેજમેન્ટ કરવામાં આવેલ છે જે ભારતનું પ્રદર્શન શ્રેષ્ઠ રહયું છે.

કેન્દ્રીય આરોગ્ય અને પરીવાર કલ્યાણ અને રસાયણો અને ખાતર મંત્રી મનસુખ માંડવીયાએ માહિતી આપી હતી કે પ્રધાનમંત્રી નારેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતનું પ્રદર્શન કોવીડ-૧૯ના સંચાલનમાં શ્રેષ્ઠ રહયુંછે. તેમણે કહયું કે દેશનું કદ આપણે જે પડકારોનો સામનો કરી રહયા છીએ તે જોતાં કોવીડ રોગચાળાને અમો વધુ સારી રીતે સંચાલીત કરવામાં સફળ રહયા છીએ. અમારી સારકારે હંમેશા કહયુંછે કે આ સંકટ રાજનીતિનું કારણ ન બનવું જોઈએ. આ કટોકટીમાં કોઈ રાજકારણ ન હોવું જોઈએ. વડાપ્રધાને પણ કહયુંછે કે જયારે ભારતના ૧૩૦ કરોડ લોકો એક પગલું આગળ વધે છે ત્યારે દેશ ૧૩૦ કરોડ પગલા આગળ વધે છે. ભલે કોવીડની પ્રથમ લહેર હોય કે બીજી લહેર વડાપ્રધાને ખુદ સમગ્ર મામલાના સંચાલનમાં નેતૃત્વની ભૂમિકા ભજવી હતી અને તેમની સરકાર દ્વારા તેમણે સુનિશ્ચિત કર્યુ હતું કે આ વૈશ્વિક રોગચાળાની ભારતમાં ઓછી અસર છે. ઓછું નુકશાન પહોંચાડે છે. કોવીડનાં સંચાલન માટે મોદી સરકારે ચારેય મોર્ચે સંપૂર્ણ તકેદારી સાથે કામ કર્યુ જેમ કે નિવારણ, રાહત, વ્યવસ્થાપન અને રસીકરણ.

કોવીડ મહામારીને ફેલાવાને રોકવા માટે મોદી સરકારે લોકડાઉનનો આશરો લીધો હતો અને લોકોને સાવચેતી રાખવા વારંવાર અપીલ કરી હતી. તે જ સમયે મોદી સરકારે આ રોગચાળા સામે સારી તબીબી સુવિધાઓ આપવાનું પણ કામ કર્યુહતું. જયારે કોવીડ રોગચાળો આવ્યો ત્યારે આપણા દેશમાં વેન્ટીલેટર અને પીપી કીટસનાં ઉત્પાદન અંગે ઘણી સમસ્યાઓ હતી પરંતુ વડાપ્રધાનનાં નેતૃત્વમાં અમે દેશ માટે મોટા પાયે ઉત્પાદન શરૂ કર્યુ હતું.

દેશમાં રેમડેસિવીરનું ઉત્પાદન બે મહીનાની અંદર દસ ગણું વધારવામાં આવ્યું છે. ૧૧ એપ્રીલ ૨૦૨૧ના રોજ દેશમાંઆ ઈન્જેકશનની લગભગ ૩૩૦૦૦ શીશીઓ ઉત્પન્ન થઈ રહી હતી. મે મહીનાના છેલ્લા સપ્તાહ સુધીમાં તેને વધારીને દરરોજ આશરે ૩.૫ લાખ કરવામાં આવી હતી. અને ૧૫૭૩ ઓકસીજન પ્લાન્ટ સ્થાપવાની યોજના બનાવી હતી. ભવિષ્યમાં કોઈપણ પડકારોનો સામનો કરવા અને આરોગ્ય સેવાઓને વધુ મજબુત બનાવવા માટે ૨૩૦૦૦ કરોડનું ઈમરજન્સી કોવીડ-૧૯ પેકેજ તૈયાર કર્યુ છે.

રાહત પેકેજની વાત કરીએ તો પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજની જાહેરાત કરવામાં આવી હતી. આ અંતર્ગત પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના ચલાવીનો દેશનાં લગભગ ૮૦ કરોડ લોકોને મફત અનાજ પહોંચાડવામાં આવ્યું હતું. જેથી રોગચાળા દરમ્યાન દેશમાં કોઈ વ્યકિત ભુખ્યો ન સુવે. આ યોજના સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે. સરકાર રસીકરણનાં મોર્ચે પણ ખુબ અસરકારક રીતે કામ કરી રહી છે. ૧૮ ઓગસ્ટ ૨૦૨૧ સુધી દેશભરમાં ૫૭ કરોડથી વધુ રસીનાં ડોઝ આપવામાં આવ્યા છે. અને આગામી દિવસોમાં આનો વધુ વેગ આપવામાં આવશે. ૧૬ ઓગસ્ટના રોજ દેશભરમાં ૮૮ લાખથી વધુ રસીકરણ ડોઝ આપવામાં આવ્યા હતાં જે વિશ્વ રેકોર્ડ છે.

## જૂનાગઢ જીલ્લા સહકારી બેન્કનાં ચેરમેન ડોલર કોટેચા સહીતના મહાનુભાવોનું સન્માન કરતા મંત્રી જવાહર ચાવડા



જૂનાગઢ, તા.૨૦

ધી જૂનાગઢ જીલ્લા સહકારી બેન્ક લી.ની બોર્ડ ઓફ ડિરેકટર્સની તા.૧૬/૮/૨૧ના મળેલ બેઠકમાં બેન્કના બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા ધી જૂનાગઢ જીલ્લા સહકારી બેન્ક લી.ના ચેરમેન ડોલરભાઈ કોટેચા ખેતી બેન્ક અમદાવાદ તથા ગુજરાત સ્ટેટ કો-ઓપ.હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશનના ડીરેકટર તરીકે બીનહરીફ ચુંટાઈ આવતા તથા બેન્કના પૂર્વ ચેરમેન અને પૂર્વ મંત્રી અને બેન્કના ડીરેકટર જશાભાઈ બારડ ખેતી બેન્ક અમદાવાદના ડીરેકટર તરીકે અને જૂનાગઢ, પોરબંદર, ગીર સોમનાથ જીલ્લાના ખેતી બેન્કના પ્રમુખ તરીકે બીનહરીફ ચુંટાઈ આવતા તેમજ ધી જૂનાગઢ જીલ્લા સહકારી બેન્ક લી.ના સંચાલક મંડળમાં સરકારના પ્રતિનિધિની ખાલી જગ્યા ઉપર શૈલેન્દ્રસિંહ કાનાભાઈ રાઠોડ, મુ.ખાંભા, તા.સુત્રાપાડા, જી.ગીર સોમનાથની નિમણુંક થતા અને બેન્કના પ્રોફેશનલ ડિરેકટરની ખાલી જગ્યા ઉપર ભાવનાબેન (ડોલીબેન) હર્ષદભાઈ અજમેરા, મુ.મેંદરડાની બેન્કના બોર્ડ દ્વારા નિયુકિત થતા આજની બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠકમાં બેન્કના ડિરેકટર અને ગુજરાત રાજયના પ્રવાસન અને મત્સ્યોદ્યોગ કેબીનેટ મંત્રી જવાહરભાઈ ચાવડાએ બુકે, શાલ ઓઢાડી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચા, પૂર્વ મંત્રી, પૂર્વ ચેરમેન અને ડિરેકટર, જશાભાઈ બારડ, સરકારના પ્રતિનિધિ તરીકે નિયુકત થયેલ ડિરેકટર શૈલેન્દ્રસિંહ કે. રાઠોડ, પ્રોફેશનલ ડિરેકટર તરીકે નિયુકત થયેલ ભાવનાબેન (ડોલીબેન) હર્ષદભાઈ અજમેરાનું સન્માન કરેલ હતું. આ તકે બેન્કના વાઈસ ચેરમેન મનુભાઈ ખુંટી, એમ.ડી. દિનેશભાઈ ખટારીયા તથા બોર્ડ ઓફ ડિરેકટરર્સના તમામ સભ્યો તથા સી.ઈ.ઓ. કિશોરભાઈ ભટ્ટએ અભિનંદન આપી શુભેચ્છા પાઠવેલ હતી.

## ત્રીમૂર્તિ હોસ્પીટલ ખાતે ઓકસીજન પ્લાન્ટનું લોકાર્પણ કરતા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા



જૂનાગઢ તા. ૨૦ : જન આશીર્વાદ યાત્રાનાં ભાગરૂપે આજે કેન્દ્રનાં આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા જૂનાગઢ ખાતેનાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહયા છે. આ દરમ્યાન આજે બસસ્ટેશન નજીક આવેલા જાણીતા સર્જન ડો.ડી.પી. ચિખલીયાનાં વડપણ હેઠળની ત્રીમૂર્તિ હોસ્પીટલ ખાતે ઓકસીજન પ્લાન્ટનું મંત્રીશ્રી મનસુખમાંડવીયાનાં હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે ડો. ડી.પી. ચિખલીયા તેમજ ત્રીમૂર્તિ હોસ્પીટલ પરીવાર અને અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. (તસ્વીર : અશોક પોપટ)

ભવતોષ સાંગાણી મો. ૯૯૭૯૨ ૮૮૪૧૧

જામનગર બાંધણી ઘર

બાંધણી, ડ્રેસ મટીરીયલ્સ, સાડી, બેડ શીટ્સ, લુંગી

ઝાંઝરડા રોડ, બાબા કોમ્પ્લેક્ષની સામે, એ.બી. મેડીકલ બાજુમાં, જૂનાગઢ. ગુજરાત

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર

ડો. કૃપા એસ. ભાલોડિયા
M.S. (Ayurved) Stri Roga

લેડીઝ દર્દી માટે : હરસ મસા, ફીશર, ભગંદર, સ્ત્રી રોગ, વ્યંધત્ય વિગેરે
(અગાઉ થી એપોઈન્ટમેન્ટ લેવી)
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર

અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર

ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya

જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર

રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

પ્રવાસન મંત્રાલય
ભારત સરકાર

ભારતની આધ્યાત્મિક ધરોહરને સમૃધ્ધ બનાવે છે


વડાપ્રધાન અને શ્રી સોમનાથ ટ્રસ્ટનાં ચેરમેન નરેન્દ્ર મોદી દ્વારા સોમનાથ મંદિર ખાતે વિકાસ પ્રોજેકટસનું ઉદ્‌ઘાટન

સોમનાથ સહેલગાહ (સમુદ્ર દર્શન પથ)
- ૧.૫ કી.મી.નો કોંક્રીટ વોક-વે
- ખવાણ અટકાવવા અને મંદિરનાં રક્ષણ માટે ટેટ્રાપોડસ સ્થાપિત કરાયા.
- યાત્રાળુઓ માટે રાત્રી રોશની અને સ્ટ્રીટ ફર્નિચર મુકવામાં આવેલ છે.

જુના સોમનાથ મંદિરનાં વિસ્તારનો જીર્ણોધ્ધાર
- ૧૮૦૦ ચો.મી. વિસ્તારનો પુર્નઃ વિકાસ
- સાર્વત્રીક પ્રવેશ રેમ્પનું નિર્માણ
- યાત્રાળુઓની સુવિધા માટે ૧૫૫ ચો.મી.નાં બે હોલનું નિર્માણ


સોમનાથ પ્રદર્શન ગેલેરી
- ટુરીસ્ટ સુવિધા મથકમાં ૨૪૦૦ સ્કે.ફુટની ગેલેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- જુના સોમનાથ મંદિરનાં વિભાજીત ભાગો પ્રદર્શનમાં મુકવામાં આવ્યા છે.
- અમૂલ્ય ઐતિહાસીક વારસો અને પર્યટનનો અનુભવ

શ્રી પાર્વતીમાતા મંદિરની શીલારોપણ વિધિ
- ૧૬૫૦ ચો.મી. ઉપર બાંધકામ કરવામાં આવશે
- ગર્ભગૃહ અને નૃત્ય મંડપનું સોમપુરા કલાકારી પધ્ધતિથી બાંધકામ કરવામાં આવશે.
- અસલ મંદિર જેવા જ સમાન ૪૪ આરસપહાણનાં પિલરો ઉભા કરવામાં આવશે.



નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રી

પ્રેરક ઉપસ્થિતિ
- અમિત શાહ, કેન્દ્રીય મંત્રી ગૃહ અને સહકાર વિભાગ
- વિજય રૂપાણી, મુખ્યમંત્રી, ગુજરાત



વિડીયો કોન્ફરન્સ દ્વારા ઉદ્‌ઘાટન
લાઈવ જુઓ pmindiawebcast.nic.in
તારીખ અને સમય ૨૦ ઓગષ્ટ, ૨૦૨૧, ૧૧-૦૦ કલાકથી પ્રારંભ

DAVP 42101/13/0005/2122